Saturday
27.07.2024
✳Volume :9 ✳ Issue No.09
✳Email.: kamalamgujarat@gmail.com
✳www.kamalamgujarat.com

જય જય ગરવી ગુજરાત

વંદે માતરમ્

RNI No.:GUJGUJ/2016/73451

કમલમ્

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક

KAMALAM Daily

✳Editor :Mahesh N. Patel:- (98249 10606)

✳Managing Editor: Arjun Sondarva

✳ Office: A-3, Plot No. R- 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 ✳ Page :04 ✳ Rs. 00.25/- ✳ Annual Rs. 90/-

કારગિલની જીત કોઈ સરકાર અથવા કોઈ પણ પક્ષની જીત નહોતી, આ જીત દેશની છે : પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી

"સત્ય એ છે કે અગ્નિપથ યોજનાથી દેશની તાકાત વધશે અને દેશને સક્ષમ યુવાનો પણ મળશે"

પ્રધાનમંત્રીએ કારગિલ વિજય દિવસ પર શ્રદ્ધાંજલિ આપી અને લદ્દાખમાં શ્રદ્ધાંજલિ સમારોહમાં ઉપસ્થિત રહ્યાં

"કારગીલમાં અમે ફક્ત યુદ્ધ જ જીત્યા નથી, પરંતુ સત્ય, સંયમ અને તાકાતનું અવિશ્વસનીય ઉદાહરણ રજૂ કર્યું છે"

કમલમ્ ન્યુઝ,

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ લદ્દાખમાં ૨૫મો કારગિલ વિજય દિવસનાં પ્રસંગે કરજ દરમિયાન સર્વોચ્ચ બલિદાન આપનારા બહાદુર સૈનિકોને શ્રદ્ધાંજલિ અર્પણ કરીહતી. તેમણે શ્રદ્ધાંજલિ સમારોહમાં પણ હાજરી આપી હતી. પ્રધાનમંત્રીએ ગૌરવ ગાથા સાંભળી: એન સીઓ દ્વારા કારગિલ યુદ્ધ પરની સંક્ષિપ્ત જાણકારી આપવામાં આવી તથા અમર સ્મારક: હટ ઓફ રિમેમ્બરન્સની મુલાકાત લીધી હતી. તેમણે વીર ભૂમિની પણ મુલાકાત લીધીહતી. પ્રધાનમંત્રીએ આજે લદ્દાખમાં શિકુન લા ટનલ પ્રોજેક્ટનો પ્રારમ્ભનિમિત્ત કાર્યને પણ વેગ્યુંઅલી જોયો. શિકુન લા ટનલ પ્રોજેક્ટમાં ૪.૧કિલોમીટર લાંબી ટ્વીન-ટ્યુબ ટનલનું નિર્માણ કરવામાં આવ્યું છે, જેનું નિર્માણ નિમુ-પદુમ-દારચા રોડપર આશરે ૧૫,૮૦૦ ફૂટની ઊંચાઈએ કરવામાં આવશે, જેથી લેહને તમામ ઋતુમાં કનેક્ટિવિટી મળી શકે. શ્રદ્ધાંજલિ સમારંભને સંબોધતાપ્રધાનમંત્રીએ કહ્યુંહતું કે, લદ્દાખની ગૌરવશાળી ભૂમિ કારગિલ વિજય દિવસની ૨૫મી વર્ષગાંઠની સાક્ષી છે. પીએમ મોદીએ કહ્યું કે, "કારગિલ વિજય દિવસ આપણને યાદ અપાવે છે કે દેશ માટે કરવામાંઆવલું બલિદાન અમર છે." મહિનાઓ, વર્ષો, દાયકાઓ અને સદીઓવીતી ગયા હોવા છતાં, પ્રધાનમંત્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે દેશની સરહદોની સુરક્ષા માટે બલિદાન થયેલા લોકોના જીવનને મિટાવીન શકાય. પ્રધાનમંત્રી મોદીએ કહ્યું કે, "દેશ હંમેશા આપણા સશસ્ત્ર દળોના પરાક્રમી મહાનાયકોનાહંમેશા માટે ઋણીઅને કૃતજ્ઞરહેશે." કારગિલ યુદ્ધના દિવસોને યાદ કરીને પ્રધાનમંત્રીએ કહ્યુંહતું કે,તેઓ એ સમયે સૈનિકોની વચ્ચે હોવા માટે સૌભાગ્યશાળી હતા. તેમણે ઉમેર્યું હતું કે,તેમને આજે પણ યાદ છે કે કેવીરીતેઆપણાસૈનિકોએ આટલી ઊંચાઈ પર મુશ્કેલ ઓપરેશન પાર પાડ્યુંહતું. શ્રી મોદીએ કહ્યુંહતું કે, "હું દેશના બહાદુર સપૂતોને સલામ કરું છું, જેમણે માતૃભૂમિની રક્ષા માટે સર્વોચ્ચ બલિદાન આપ્યું છે."

પ્રધાનમંત્રી મોદીએ ટિપ્પણી કરી હતી કે, "કારગિલમાં આપણે માત્ર યુદ્ધ જ જીત્યું નથી, પરંતુ 'સત્ય, સંયમઅને શક્તિ'નું અવિશ્વસનીય ઉદાહરણ પ્રસ્તુત કર્યું છે. પ્રધાનમંત્રીએ તે સમયે પાકિસ્તાનના કપટ પર પ્રકાશ પાડ્યો હતો જ્યારે ભારત શાંતિ જાળવવાના તમામ પ્રયાસોકરીરહ્યુંહતું. તેમણે ઉમેર્યું હતું કે,"અસત્ય અને આતંકને સત્ય દ્વારા ઘૂંટણિયે પાડી દેવામાં આવ્યા હતા." પ્રધાનમંત્રીએ આતંકવાદનીનિંદા કરતાંકહ્યું હતું કે, ભૂતકાળમાંપાકિસ્તાનને હંમેશા હારનો સામનો કરવો પડ્યોછે. શ્રી મોદીએ વધુમાં જણાવ્યું હતું કે, "પાકિસ્તાને તેનાભૂતકાળમાંથી કશું જ શીખ્યું નથી અને પ્રસ્તુત રહેવા માટેઆતંકવાદ અને પ્રોક્સી વૉરની આડમાંયુદ્ધકરવાનું ચાલુરાખ્યું છે." પ્રધાનમંત્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, આતંકવાદીઓના નાપાક ઈરાદાઓક્યારેય પૂર્ણ નહીં થાય. તેમણે વધુમાં કહ્યું કે, "આપણાં બહાદુર લોકો તમામ આતંકવાદી પ્રયાસોને કચડી નાખશે." પ્રધાનમંત્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, "લદ્દાખહોય કે જમ્મુ અને કાશ્મીર, ભારતવિકાસના માર્ગમાં આવતા તમામ પડકારોનો સામનો કરશે."તેમણે યાદ અપાવ્યું હતું કે, હવેથી થોડા દિવસોમાં ૫ ઓગસ્ટ ના રોજ કલમ ૩૭૦ નાબૂદ થવાનાં પાંચ વર્ષ પૂર્ણ થશે અને આજનું જમ્મુ-કાશ્મીર સ્વપ્નોથી ભરેલા નવા ભવિષ્યની વાત કરી રહ્યું છે. પ્રધાનમંત્રીએ પ્રગતિનાં ઉદાહરણો ટાંક્યાં હતાં અને કેન્દ્રશાસિત પ્રદેશમાં જી-૨૦ બેઠકનું આયોજન, માળખાગત વિકાસઅને પ્રવાસન પર સ્ટેકારનું ધ્યાન કેન્દ્રિત કરવું, સિનેમા હોલ ખોલવા અને સાડા ત્રણ દાયકા પછી શરૂ થયેલી તાજિયા જુલૂસનો ઉલ્લેખ કર્યો હતો. પ્રધાનમંત્રીએ કહ્યું કે, "પૃથ્વી પરનું આ સ્વર્ગ ઝડપથી શાંતિ અને સમૃદ્ધિની દિશામાં આગળ વધી રહ્યું છે."

લદ્દાખમાં થઈ રહેલા વિકાસ પર ભાર મૂકતા પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, શિકુન લા ટનલ મારફત ભૂતકાળમાં પાકિસ્તાનને હંમેશા હારનો સામનો કરવો પડ્યોછે. શ્રી મોદીએ વધુમાં જણાવ્યું હતું કે, "પાકિસ્તાને તેનાભૂતકાળમાંથી કશું જ શીખ્યું નથી અને પ્રસ્તુત રહેવા માટેઆતંકવાદ અને પ્રોક્સી વૉરની આડમાંયુદ્ધકરવાનું ચાલુરાખ્યું છે." પ્રધાનમંત્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, આતંકવાદીઓના નાપાક ઈરાદાઓક્યારેય પૂર્ણ નહીં થાય. તેમણે વધુમાં કહ્યું કે, "આપણાં બહાદુર લોકો તમામ આતંકવાદી પ્રયાસોને કચડી નાખશે." પ્રધાનમંત્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, "લદ્દાખહોય કે જમ્મુ અને કાશ્મીર, ભારતવિકાસના માર્ગમાં આવતા તમામ પડકારોનો સામનો કરશે."તેમણે યાદ અપાવ્યું હતું કે, હવેથી થોડા દિવસોમાં ૫ ઓગસ્ટ ના રોજ કલમ ૩૭૦ નાબૂદ થવાનાં પાંચ વર્ષ પૂર્ણ થશે અને આજનું જમ્મુ-કાશ્મીર સ્વપ્નોથી ભરેલા નવા ભવિષ્યની વાત કરી રહ્યું છે. પ્રધાનમંત્રીએ પ્રગતિનાં ઉદાહરણો ટાંક્યાં હતાં અને કેન્દ્રશાસિત પ્રદેશમાં જી-૨૦ બેઠકનું આયોજન, માળખાગત વિકાસઅને પ્રવાસન પર સ્ટેકારનું ધ્યાન કેન્દ્રિત કરવું, સિનેમા હોલ ખોલવા અને સાડા ત્રણ દાયકા પછી શરૂ થયેલી તાજિયા જુલૂસનો ઉલ્લેખ કર્યો હતો. પ્રધાનમંત્રીએ કહ્યું કે, "પૃથ્વી પરનું આ સ્વર્ગ ઝડપથી શાંતિ અને સમૃદ્ધિની દિશામાં આગળ વધી રહ્યું છે."

વ્યૂહાત્મક શિંકુન લા ટનલ પ્રોજેક્ટના પ્રથમ વિસ્ફોટના સાક્ષી બન્યાં

શિંકુન લા ટનલ પ્રોજેક્ટમાં ૪.૧ કિલોમીટર લાંબી ટ્વીન-ટ્યુબ ટનલ સામેલ છે, જેનું નિર્માણ લેહને તમામ ઋતુમાં કનેક્ટિવિટી પ્રદાન કરવા માટે નિમુ-પદુમ-દારચા રોડ પર આશરે ૧૫,૮૦૦ ફૂટની ઊંચાઈ પર કરવામાં આવશે. એકવાર પૂર્ણ થયા પછી, તે વિશ્વની સૌથી ઉંચી ટનલ હશે. શિંકુન લા ટનલ આપણા સશસ્ત્ર દળો અને ઉપકરણોની ઝડપી અને કાર્યદક્ષ હિલચાલને સુનિશ્ચિત કરવાની સાથે સાથે લદ્દાખમાં આર્થિક અને સામાજિક વિકાસને પણ પ્રોત્સાહન આપશે.

સમયે સૈનિકોની વચ્ચે હોવા માટે સૌભાગ્યશાળી હતા. તેમણે ઉમેર્યું હતું કે,તેમને આજે પણ યાદ છે કે કેવીરીતેઆપણાસૈનિકોએ આટલી ઊંચાઈ પર મુશ્કેલ ઓપરેશન પાર પાડ્યુંહતું. શ્રી મોદીએ કહ્યુંહતું કે, "હું દેશના બહાદુર સપૂતોને સલામ કરું છું, જેમણે માતૃભૂમિની રક્ષા માટે સર્વોચ્ચ બલિદાન આપ્યું છે."

પ્રધાનમંત્રી મોદીએ ટિપ્પણી કરી હતી કે, "કારગિલમાં આપણે માત્ર યુદ્ધ જ જીત્યું નથી, પરંતુ 'સત્ય, સંયમઅને શક્તિ'નું અવિશ્વસનીય ઉદાહરણ પ્રસ્તુત કર્યું છે. પ્રધાનમંત્રીએ તે સમયે પાકિસ્તાનના કપટ પર પ્રકાશ પાડ્યો હતો જ્યારે ભારત શાંતિ જાળવવાના તમામ પ્રયાસોકરીરહ્યુંહતું. શ્રી મોદીએ કહ્યું કે, "અસત્ય અને આતંકને સત્ય દ્વારા ઘૂંટણિયે પાડી દેવામાં આવ્યા હતા." પ્રધાનમંત્રીએ આતંકવાદનીનિંદા કરતાંકહ્યું હતું કે, ભૂતકાળમાંપાકિસ્તાનને હંમેશા હારનો સામનો કરવો પડ્યોછે. શ્રી મોદીએ વધુમાં જણાવ્યું હતું કે, "પાકિસ્તાને તેનાભૂતકાળમાંથી કશું જ શીખ્યું નથી અને પ્રસ્તુત રહેવા માટેઆતંકવાદ અને પ્રોક્સી વૉરની આડમાંયુદ્ધકરવાનું ચાલુરાખ્યું છે." પ્રધાનમંત્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, આતંકવાદીઓના નાપાક ઈરાદાઓક્યારેય પૂર્ણ નહીં થાય. તેમણે વધુમાં કહ્યું કે, "આપણાં બહાદુર લોકો તમામ આતંકવાદી પ્રયાસોને કચડી નાખશે." પ્રધાનમંત્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, "લદ્દાખહોય કે જમ્મુ અને કાશ્મીર, ભારતવિકાસના માર્ગમાં આવતા તમામ પડકારોનો સામનો કરશે."તેમણે યાદ અપાવ્યું હતું કે, હવેથી થોડા દિવસોમાં ૫ ઓગસ્ટ ના રોજ કલમ ૩૭૦ નાબૂદ થવાનાં પાંચ વર્ષ પૂર્ણ થશે અને આજનું જમ્મુ-કાશ્મીર સ્વપ્નોથી ભરેલા નવા ભવિષ્યની વાત કરી રહ્યું છે. પ્રધાનમંત્રીએ પ્રગતિનાં ઉદાહરણો ટાંક્યાં હતાં અને કેન્દ્રશાસિત પ્રદેશમાં જી-૨૦ બેઠકનું આયોજન, માળખાગત વિકાસઅને પ્રવાસન પર સ્ટેકારનું ધ્યાન કેન્દ્રિત કરવું, સિનેમા હોલ ખોલવા અને સાડા ત્રણ દાયકા પછી શરૂ થયેલી તાજિયા જુલૂસનો ઉલ્લેખ કર્યો હતો. પ્રધાનમંત્રીએ કહ્યું કે, "પૃથ્વી પરનું આ સ્વર્ગ ઝડપથી શાંતિ અને સમૃદ્ધિની દિશામાં આગળ વધી રહ્યું છે."

લદ્દાખમાં થઈ રહેલા વિકાસ પર ભાર મૂકતા પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, શિંકુન લા ટનલ મારફત કેન્દ્રશાસિતપ્રદેશ આખું વર્ષ, દરેક સિઝનમાં સંપૂર્ણ દેશ સાથે જોડાયેલો રહેશે.પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે,"આ ટનલ લદ્દાખનો વિકાસ અને ઉજ્જવળ ભવિષ્ય માટે નવી સંભાવનાઓનાં દ્વાર ખોલશે." પ્રધાનમંત્રીએ લદ્દાખનાં લોકોને અભિનંદન આપતાં કહ્યું હતું કે, આ ટનલ તેમનાં જીવનને વધારે સરળ બનાવશે, કારણ કે આ વિસ્તારમાં વિષમ હવામાનને કારણે તેમને પડતી અસંખ્ય મુશ્કેલીઓ હળવી થશે. પ્રધાનમંત્રીએ લદ્દાખના લોકો પ્રત્યે સરકારનીપ્રતિબદ્ધતાઓ પર પ્રકાશ પાડ્યો હતોઅને કોવિડ-૧૯ રોગચાળા દરમિયાન ઈરાનમાંથી કારગિલવિસ્તારમાંથી નાગરિકોને સુરક્ષિત બહાર કાઢવા માટે વ્યક્તિગત પ્રયાસો હાથ ધરવાનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે જે સલમેરમાં સ્થાપિત કરવામાં આવેલા ક્વોરેન્ટાઈન ઝોનને યાદ કર્યો, જ્યાં લદ્દાખ મોકલતા પહેલા તેમનુંપરીક્ષણ કરવામાંઆવ્યું હતું. લદ્દાખનાં લોકોને જીવનની સરળતાને પ્રોત્સાહન આપવાનાં અને વધારે સેવાઓ પ્રદાન કરવા માટે સરકારનાં પ્રયાસો પર ભાર મૂકીને પ્રધાનમંત્રીએ ઉલ્લેખ કર્યો હતોકે, છેલ્લાં પંચ વર્ષમાં બજેટમાં અંદાજે છ ગણોવધારો થયોછે, જે ૧૧૦૦ કરોડ રૂપિયાથી વધીને ૬,૦૦૦ કરોડ રૂપિયાથી થયો છે. પ્રધાનમંત્રી મોદીએ પ્રથમ વખત સર્વગ્રાહીઆયોજનના અમલીકરણ પર પ્રકાશ પાડતા કહ્યું હતું કે, "રસ્તાઓ હોય, વીજળી, પાણી, શિક્ષણ, વીજળીપુરવઠો, રોજગાર હોય, લદ્દાખની દરેક દિશા બદલાઈ રહી છે." તેમણે જલ જીવન મિશન હેઠળ લદ્દાખનાં ઘરોમાં૮૦ ટકાથીવધારે પ્રમાણમાં પીવાનાં પાણીને આવરી લેવાનાં ઉદ્દાહરણોટાંક્યાંહતાં, જે લદ્દાખનાં યુવાનો માટે ગુણવત્તાયુક્ત ઉચ્ચ શિક્ષણ માટે આંગામી સિંધુ સેન્ટ્રલ યુનિવર્સિટી છે, સંપૂર્ણ લદ્દાખ વિસ્તારમાં ૪જી નેટવર્ક સ્થાપિત કરવા માટે કામ કરી રહ્યું છે તથા એનએચ ૧ પર તમામ ઋતુનાં જોડાણ માટે ૧૩કિલોમીટર લાંબી જોજિલા ટનલ માટે ચાલી રહેલી કામગીરીનું ઉદાહરણ આપ્યું હતું. સરહદી વિસ્તારોમાટે મહત્ત્વાકાંક્ષી લક્ષ્યાંકોનો ઉલ્લેખ કરીને પ્રધાનમંત્રીએ માહિતી આપી હતી કે, સરહદી માર્ગ સંગઠન (બીઆરઓ)એ સેલાટનલ સહિત ૩૩૦થી વધારે પ્રોજેક્ટ પૂર્ણ કર્યા છે, જે નવા ભારતની ક્ષમતાઓ અને દિશા દર્શાવે છે. સૈન્ય ટેકનોલોજીને અપગ્રેડ કરવાનાં મહત્વ પર ભાર મૂકીને પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, બદલાતા વૈશ્વિક વાતાવરણમાં આપણા સંરક્ષણ દળને આધુનિક કાર્યશૈલી અને વ્યવસ્થાનીસાથે અત્યાધુનિક શસ્ત્રોને ઉપકરણોનીપણ જરૂર છે. શ્રી મોદીએ જણાવ્યું હતું કે, સંરક્ષણ ક્ષેત્રને ભૂતકાળમાં પણ અપગ્રેડ કરવાની જરૂરિયાત અનુભવાઈ હતી, પણ કમનસીબે આ મુદ્દાને બહુ મહત્વ આપવામાં આવ્યું નહોતું. તેમણે ઉમેર્યુંહતું કે, "જો કે, છેલ્લાં ૧૦ વર્ષમાં સંરક્ષણમાં સુધારાને પ્રાથમિકતા આપવામાં આવી છે, જે આપણાં દળોને વધારે સક્ષમ અને આત્મનિર્ભર બનાવે છે." શ્રી મોદીએ વધુમાં જણાવ્યું હતું કે, આજે ભારતીય સંરક્ષણ ઉદ્યોગને સંરક્ષણ ખરીદીમાં મોટો હિસ્સો આપવામાં આવી રહ્યો છે. તેમણે વધુમાં કહ્યું હતું કે, સંરક્ષણ અને સંશોધન વિકાસબજેટમાં ૨૫ ટકા હિસ્સો ખાનગીક્ષેત્ર માટે અનામત રાખવામાંઆવ્યો છે. આ પ્રયત્નોના પરિણામે, ભારતનું સંરક્ષણ ઉત્પાદન ૧.૫ લાખ કરોડને પાર કરી ગયું છે." પ્રધાનમંત્રીએ વધુમાં જણાવ્યું હતું કે, આજે ભારત શસ્ત્રોના નિકાસકાર તરીકે પણ પોતાની આગવી ઓળખ ઊભી કરી રહ્યું છે, જે શસ્ત્રોની આયાત કરતા દેશની ભૂતકાળની છબીથી વિપરીત છે. શ્રી મોદીએ ખુશી વ્યક્ત કરી હતી કે, અમારી સેનાએ હવે ૫૦૦થી વધારે શસ્ત્રો અને સૈન્યનાં સાધનોની આયાત બંધ કરવાનો નિર્ણય લીધોછે. સંરક્ષણ ક્ષેત્રમાંસુધારા માટે સંરક્ષણ દળોની પ્રશંસા કરતાં પ્રધાનમંત્રીએ અગ્નિપથ યોજનાને મહત્વપૂર્ણ સુધારામાંથી એક ગણાવી હતી. ભારતીય સેનાની સરેરાશ આયુ વૈશ્વિક આયુથી વધુ હોવાની લાંબા સમયથી જોવા મળતી ચિંતાનો ઉલ્લેખ કરતા પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, ભૂતકાળમાં આ ગંભીર ચિંતાને પહોંચી વળવા માટે કોઈ ઈચ્છાશક્તિ નહોતી, જેને અત્યારે અગ્નિપથયોજના મારફતે સંબોધિત કરવામાં આવી રહી છે. પ્રધાનમંત્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, "અગ્નિપથનો હેતુ દળોને યુવાન રાખવાનો અને સતત યુદ્ધ માટે તૈયાર રહેવાનો છે." પ્રધાન મંત્રીએ ભારપૂર્વક આ સંવેદનશીલ વિષયના નિર્લેજ્જ રાજકીયકરણ પર શોકવ્યકત કર્યો હતો. તેમણે વાયુસેનાના કાફલાના આધુનિકીકરણ માટે ભૂતકાળના કોંભાંડો અને અનિચ્છાની નિંદા કરી. તેમણે કહ્યું, સત્ય એ છે કે અગ્નિપથયોજનાબીદેશની તાકાત વધશે અનેદેશને સક્ષમયુવાનો પણ મળશે.

અગ્નિવીરોને ખાનગી ક્ષેત્ર અને અર્ધલશ્કરી દળોમાં પણ પ્રાધાન્ય આપવાની જાહેરાતો કરવામાં આવી છે. " અગ્નિપથ યોજના પાછળનું મુખ્ય કારણ પેન્શનના બોજનેઘટાડવાના ઈરાદા અંગેના પ્રચારને નકારી કાઢતાં પ્રધાનમંત્રીએ યાદ અપાવ્યું હતું કે, આજે ભરતી કરવામાં આવતા સૈનિકોનાપેન્શનનું ભારણ ૩૦વર્ષ પછી આવશે, નહીં આ યોજના પાછળનું કારણ આ ન હોઈ શકે. તેમણે ઉમેર્યું હતું કે, "અમે સશસ્ત્ર દળો દ્વારા લેવામાં આવેલા આ નિર્ણયનું સન્માન કર્યું છે કારણ કે અમારા માટે રાજ કારણ કરતાં દેશની સુરક્ષા વધુ મહત્વપૂર્ણ છે." પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, આજે દેશનાં યુવાનોને ગેર માર્ગે દોરનારાઓને ભૂતકાળમાં સશસ્ત્ર દળોપ્રત્યે કોઈ દરકાર નહોતી વન રેંક વન પેન્શન પર ભૂતકાળની સરકારોએ આપેલા ખોટા વચનોને યાદ કરીનેપ્રધાનમંત્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, ભૂતકાળમાં આ જોગવાઈનો અમલ કર્યો છે, જેમાંભૂતપૂર્વસૈનિકોને ૨.૨૫ લાખ કરોડ રૂપિયાથી વધારે રકમ આપવામાં આવી છે. તેમણે વધુમાં ભૂતકાળની સરકારોનીઉપેક્ષાતરફ ધ્યાન દોર્યું હતું અને કહ્યું હતું કે, "આ તે જ લોકો છે જેમણે આઝાદીના ૭ દાયકા પછી પણ શહીદો માટે યુદ્ધ સ્મારક બનાવ્યું ન હતું.સરહદે પરતેનાત આપણા સૈનિકોને પૂરતા પ્રમાણમાં બુલેટપ્રૂફ જેકેટ પૂરા પાડ્યા ન હતા અને કારગિલ વિજય દિવસની અવગણના કરતા રહ્યા હતા." સંબોધનનું સમાપન કરતા પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, "કારગિલની જીત કોઈ સરકાર કે કોઈ પણ પક્ષની જીત નહોતી. આ જીત દેશની છે. આ જીત દેશની ધરોહર છે. આદેશના ગૌરવ અને સ્વાભિમાનનો તહેવાર છે." તેમણે સમગ્ર દેશ વતી વીર જવાનોને નમન કર્યા હતા અને કારગિલ વિજયના ૨૫ વર્ષ નિમિત્તે તમામ દેશવાસીઓને શુભકામનાઓ પાઠવી હતી. આ પ્રસંગે લદ્દાખનાં લેફ્ટેનન્ટ ગવર્નરબ્રિગેડિયર (ડો.) બી. ડી. શર્મા, કેન્દ્રીય સંરક્ષણ રાજ્ય મંત્રી શ્રી સંજય સેઠ, ચીફ ઑફ ડિફેન્સ સ્ટાફ જનરલ અનિલ ચૌહાણ અને ત્રણેય સશસ્ત્ર દળોના સેનાનાંપ્રમુખો ઉપસ્થિતરહ્યાંહતા.

"કારગીલ વિજય દિવસ આપણને યાદ અપાવે છે કે રાષ્ટ્ર માટે આપેલા બલિદાન અમર છે"

"અગ્નિપથ યોજનાનો હેતુ સેનાઓને યુવાન અને સતત યુદ્ધ માટે તૈયાર રાખવાનો છે"

"આજે જમ્મુ-કાશ્મીર એક નવા ભવિષ્યની વાત કરી રહ્યું છે, મોટા સપનાઓ વિશે વાત કરી રહ્યું છે"

- **શિંકુન લા ટનલ લદ્દાખના વિકાસ અને સારા ભવિષ્ય માટે નવી સંભાવનાઓના દરવાજા ખોલશે"**
- **છેલ્લા ૫ વર્ષમાં, લદ્દાખનું બજેટ ૧૧૦૦ કરોડથી વધીને ૬૦૦૦ કરોડ થઈ ગયું છે"**

'એક પેડ માં કે નામ' અંતર્ગત તા.૩૧મી ઓગસ્ટ સુધી સમગ્ર રાજ્યમાં યોજનાર અર્બન ફોરેસ્ટ અભિયાનનો આરંભ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના હસ્તે ગાંધીનગર ખાતેથી કરાયો

કમલમ્ ન્યુઝ,ગાંધીનગર:

'એક પેડ માં કે નામ' દેશ વ્યાપી મહાઅભિયાનને શહેરી વિસ્તાર સુધી પહોંચાડવાના ઉમદા અભિગમ અંતર્ગત તા. ૩૧મી ઓગસ્ટ સુધી સમગ્ર રાજ્યમાં અર્બન ફોરેસ્ટ અભિયાનનું આયોજન કરવામાં આવ્યું છે. રાજ્યના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે આજરોજ અર્બન ફોરેસ્ટ અભિયાનનો આરંભ ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારના કોબા ખાતેથી વડનું વૃક્ષ વાવીને કરવામાં આવ્યો હતો. દેશના વડાપ્રધાન શ્રીનરેન્દ્રભાઈ મોદીદ્વારા તા. ૦૫મી જૂન, ૨૦૨૪ના રોજ વિશ્વ પર્યાવરણ દિવસે' એક પેડ માંકે નામ' મહાઅભિયાનનો દેશવ્યાપી પ્રારંભ કરવામાં આવ્યો છે. પર્યાવરણ બચાવાના વડાપ્રધાન શ્રીના ઉમદા અભિગમને મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વમાં ગ્રામ્યની સાથે સાથે શહેરી વિસ્તાર સુધી લઈ જવા માટે સમગ્ર રાજ્યમા આગામી તા. ૩૧મી ઓગસ્ટ, ૨૦૨૪ સુધી અર્બન ફોરેસ્ટ મહા અભિયાન યોજવાનું સુચારું આયોજન કરવામાં આવ્યું છે. અર્બન ફોરેસ્ટ અભિયાનનો આરંભ ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં સમાવિષ્ટ કોબા ખાતેથી મુખ્યમંત્રીશ્રીના હસ્તે કરવામાં આવ્યો છે. અર્બન ફોરેસ્ટ અભિયાન અંતર્ગત રાજ્યના શહેરોમાં વન-વૃક્ષના વિસ્તાર વધારવાના લક્ષ્યાંક સાથે શહેરીઅને શહેરીવિકાસ વિભાગ દ્વારા રાજ્યની૮ મહાનગરપાલિકાઓ, ૧૫૩ નગર પાલિકાઓ અને તમામ ૧૬૫૫ગ્રામ્યએકમોમાં' એકપેડ માંકે નામ' અંતર્ગત અર્બન ફોરેસ્ટ અભિયાન યોજવાનું આયોજન કરવામાંઆવ્યું છે. પર્યાવરણના રક્ષણની સરકારની સાથે સાથે વ્યક્તિગત જવાબદારી વિશે વધુ જાગૃતિ લાવવા તમામ શહેરોમા શહેરી વનીકરણ, મિયાવાકી વન અને ગ્રીન સ્પેસ સાથે સંબંધિત અન્ય કાર્યક્રમો નાગરિકો, મહાનુભાવો તેમજ વિવિધ સંસ્થાઓની સહભાગીતા સાથે યોજાશે. 'એક પેડ માં કે નામ' વિશેષ મહા અભિયાનમાં મહાનગરપાલિકા-નગરપાલિકા વિસ્તારમાં વોર્ડદીઠ અથવા ઝોન દીઠ વિશેષ જગ્યા પર વૃક્ષારોપણ કરવામાંઆવનાર છે. વૃક્ષારોપણ થયેલ રોપાઓના જતન માટે આજુબાજાના રસ્તે સુરક્ષા માટે ફેન્સીંગદીવાલ બનાવવામાં આવ્યો. ગાંધીનગર મહાનગરપાલિકાના કોબા ખાતેથી અર્બન ફોરેસ્ટ અભિયાનનો આરંભ રાજ્યના મુખ્યમંત્રીશ્રીના હસ્તે કરવામાં આવ્યો હતો.ઉપસ્થિત સર્વેમહાનુભાવોના હસ્તે એક વૃક્ષ રોપવામાં આવ્યું હતું. ૪૭૦૦થી વધુચો.મીટરના પ્લોટ ખાતે અર્બન ફોરેસ્ટનું નિર્માણ થશે. આ પ્લોટમાં ૧૫૦૦ જેટલા રોપાઓનું વાવેતર કરવામાંઆવ્યું છે.જેમાં લીમડો, આંબો, આંબલી, બોરસલી, આમળા જેવા વૃક્ષોનો સમાવેશથાય છે. અર્બન ફોરેસ્ટ અભિયાન ના આરંભ પ્રસંગે ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર શ્રીમતી મીરાબેન પટેલ, ગાંધીનગર (દ)ના ધારાસભ્ય શ્રી અલ્પેશ ઠાકોર, ગાંધીનગર (ઉ)ના ધારાસભ્ય શ્રીમતી રીટાબેન પટેલ, રેપ્યુટી મેયર શ્રી નટવરજી ઠાકોર, ગાંધીનગર જિલ્લા કલેકટર શ્રી મહુલ દવે, ગાંધીનગર મહાનગરપાલિકાના કમિશનર શ્રી જે.એન.વાઘેલા સહિત મહાનુભાવોઅને મોટીસંખ્યામાં નગરજનો ઉપસ્થિતરહ્યા હતા.

તંત્રી સ્થાનેથી......

રસાયણ અને પેટ્રોકેમિકલ્સવિભાગ રસાયણોઅને પેટ્રોકેમિકલ્સ માટે ફરજિયાત બીઆઈએસધોરણો લાગુ કરી રહ્યું છે. આ પગલું એ સુનિશ્ચિત કરે છે કે આયાતીઅને સ્થાનિક રીતે ઉત્પાદિતબંને રસાયણો ગુણવત્તાના કડક માપદંડોને પૂર્ણ કરે છે, જે જોખમી અને હલકી ગુણવત્તાવાળા ઉત્પાદનોનાઉપયોગને અટકાવેછે. બ્યૂરોઓફઈન્ડિયન સ્ટાન્ડર્ડ્સએક્ટ, ૨૦૧૬ની કલમ ૧૬ હેઠળ આમાપદંડોને ફરજિયાત બનાવીને આ પહેલનો ઉદ્દેશ માનવ, પશુ અને વનસ્પતિના સ્વાસ્થ્યનું રક્ષણ કરવાનો,પર્યાવરણીય સુરક્ષાસુનિશ્ચિત કરવાનો,અયોગ્ય વેપાર પદ્ધતિઓને અટકાવવાનો અને રાષ્ટ્રીય સુરક્ષામાં વધારો કરવાનો છે. કેમિકલ્સ અને પેટ્રોકેમિકલ્સે બ્યુરો ઓફ ઇન્ડિયન સ્ટાન્ડર્ડ્સ એક્ટ, ૨૦૧૬ હેઠળબીઆઈએસ સ્ટાન્ડર્ડ્સફરજિયાત બનાવવામાટે અત્યાર સુધીમાંરસાયણો અને પેટ્રોકેમિકલ્સ માટે ૭૨ ક્વોલિટી કન્ટ્રોલ ઓર્ડર્સ (ક્યુસીઓ) સૂચિત કર્યાછે. ૭૨ ક્યુસીઓમાંથી ૪૧ ક્યુસીઓનો અમલ કરવામાંઆવ્યો છેઅને બાકીના૩૧ ક્યુસીઓની અમલીકરણ તારીખ સમયાંતરે વધારવામાંઆવી છે. વધુમાં, કૃષિઅને ખેડૂત કલ્યાણ મંત્રાલયે જંતુનાશકોની આયાત, ઉત્પાદન, વેચાણ, પરિવહન, વિતરણ અને ઉપયોગનાનિયમન માટે જંતુનાશકોનો કાયદો, ૧૯૬૮ને નોટિફાઈડ કર્યો છે, જેથી મનુષ્ય અથવાપ્રાણીઓને જોખમ અટકાવીશકાય અને તેની સાથે સંબંધિત બાબતો માટે. પર્યાવરણ, વન અને આબોહવામાં પરિવર્તન મંત્રાલયે સૂચિત કર્યું છે કે જોખમી રસાયણોના નિયમો, ૧૯૮૯ (એમએસઆઈએચસી)નું ઉત્પાદન, સંગ્રહ અને આયાત અને ત્યારબાદ તેમાં સુધારા કરવામાં આવ્યા છે, જેમાં જોખમના માપદંડ, જેમ કે વિષાક્તતા, જ્વલનશીલતા અને વિસ્ફોટકતાને ઔદ્યોગિક પ્રક્રિયાઓમાં ઉપયોગમાં લેવાતા જોખમી રસાયણોને ઓળખવા માટે વ્યાખ્યાયિત કરવામાં આવ્યાછે. રાસાયણિક અકસ્માત આપાતકાલીન આયોજન,સજ્જતા અને પ્રતિભાવનિયમો, ૧૯૯૬ (સીએઈપીપીઆર નિયમો, ૧૯૯૬)ને એમએસઆઈએચસી નિયમો, ૧૯૮૯ને પૂરક બનાવવામાટે પણસૂચિત કરવામાંઆવ્યા છેઅને કેન્દ્ર, રાજ્ય, જિલ્લા અને સ્થાનિક સ્તરે ચાર સ્તરીય વ્યવસ્થા સાથે દેશમાંસ્થાપિત કટોકટી વ્યવસ્થાપનને કાયદાકીય ટેકો પૂરો પાડે છે. ખાતર ક્ષેત્રના સંદર્ભમાં, ખેડૂતોને સારી ગુણવત્તાવાળાખાતરની ઉપલબ્ધતાસુનિશ્ચિત કરવા માટે, ભારત સરકારેખાતરને આવશ્યક ચીજવસ્તુ તરીકે જાહેર કર્યું છે અને ખાતર નિયંત્રણ આદેશ, ૧૯૮૫ ની જાહેરાત કરી છે. એફસીઓ ખાતરોના પુરવઠા, વિતરણ અને ગુણવત્તાનું નિયમન કરે છે. આ હુકમ હેઠળ, વિવિધ ખાતરોની વિશિષ્ટતાઓ સંબંધિત સમયપત્રકમાં સ્પષ્ટ કરવામાં આવીછે. એફ.સી.ઓ. નિયત ધોરણનાન હોયતેવા ખાતરોના વેચાણપર સખતપ્રતિબંધ મૂકે છે. એફ.સી.ઓ.નીજોગવાઈનું કોઈપણ ઉલ્લંઘન આવશ્યક ચીજવસ્તુઅધિનિયમ હેઠળ શિક્ષાત્મક કાર્યવાહી અને એફસીઓ હેઠળ વહીવટી કાર્યવાહી બંનેની માંગ કરે છે. છેલ્લાં પાંચ વર્ષમાં રસાયણોઅને પેટ્રોરસાયણ અને ખાતરોની એકંદર નિકાસમાં વધઘટ જોવામળી છે. મુખ્ય રસાયણોનો કુલ નિકાસજથ્થો નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦માં ૧૬,૯૮,૩૮૪ મેટ્રિક ટન (એમટી) થી વધીને નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં ૨૬,૪૨,૧૭૯મેટ્રિક ટન થયો હતો, જે નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩માં ૪૬,૨૬,૭૬૫ મેટ્રિક ટનની ટોચ પર હતો. બીજી તરફમુખ્ય પેટ્રોકેમિકલ્સનો કુલ નિકાસજથ્થો નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦માં ૮૭,૯૮,૨૩૦ મેટ્રિક ટનથી ઘટીને નાણાકીય વર્ષ૨૦૨૩-૨૪માં ૩૮,૫૦,૭૭૮મેટ્રિક ટન થયો છે, જે નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩માં ૯૩,૩૪,૫૫૯ મેટ્રિક ટનની ઊંચી સપાટીએ વધઘટ દર્શાવે છે. ખાતરના સંબંધમાં નિકાસ વર્ષ ૨૦૧૯-૨૦માં ૩૦૩૬૦૪ એમટીથીઘટીને વર્ષ ૨૦૨૧-૨૨માં૧૫૪૬૯૮૨ એમટી થઈ હતી, જે વર્ષ૨૦૨૨-૨૩માં ફરીવધીને ૧૮૬૧૪૮એમટી અને વર્ષ ૨૦૨૩-૨૪માં ૨૯૮૭૯૨ એમટી થઈ હતી. આ માહિતી રસાયણ અને ખાતર રાજ્યમંત્રી શ્રીમતી અનુપ્રિયાપટેલે લોકસભામાં આજે એકપ્રશ્નના જવાબમાંઆપી હતી.

કમલમ્ ન્યુઝ,
ગુજરાત એસટી વર્ક શોપ ચંડોળા ખાતે જીસીએસ હોસ્પિટલ ના સહયોગથીવૃક્ષારોપણનો કાર્યક્રમ કરવામાંઆવ્યો આ વૃક્ષારોપણ કાર્યક્રમ માં ૬૦ જેટલા અલગ અલગ પ્રકારના વૃક્ષો વાવવામાં આવ્યા. આ કાર્યક્રમમાં ડેપો મેનેજર પી.આર.ચાવડા સાહેબ, રમેશભાઈ લેઉવા.જોરાવરખાન કુરેશી અને ખાસ મહેમાન જીસીએસ હોસ્પિટલ થી રામ રેવતકર, સરફરાઝ મનસુરી વૃક્ષારોપણ કાર્યક્રમમાં હાજરી આપી અને વૃક્ષ વાવ્યા.

કમલમ્ ન્યુઝ,
કારગિલ વિજય દિવસ અંતર્ગતભારતીય જનતાપાર્ટી, જુનાગઢ મહાનગર દ્વારા નોબલ યુનિવર્સટી, જુનાગઢ ખાતે યોજાયેલ સમેલન માં ધારાસભ્ય ઉદયભાઈ કાનગડ દ્વારા વકતવ્ય માં કારગિલ યુદ્ધ માં શહિદ થયેલ વીર જવાનો ને શ્રધ્ધાસુમન અર્પણ કરી શત શત વંદના કરવામાં આવેલ હતી તેમજ દેશના સ્વાભિમાન, ભારતીય જવાનો ની વીરતા, શોર્યતા અને શ્રધ્ધેય અટલજીના અડગ નેતૃત્વ ની ગાથા વર્ણવવામાં આવી હતી. આ તકે જુનાગઢ શહેર ભાજપ ના આગેવાનો અને તમામ શ્રેણી ના કાર્યકર્તાઓ બહોળીસંખ્યામાં ઉપસ્થિતરહ્યા હતા.

પ્રજાજનો-નાગરિકોની રજૂઆતો-સમસ્યાઓના નિવારણનાટેકનોલોજીયુકત અભિગમ 'સ્વાગત' ઓનલાઇનનો રાજય 'સ્વાગત' મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષાતામાં યોજાયો

તાલુકા-જીલ્લા સ્વાગતમાં આવતી રજૂઆતોનું સ્થાનિક સ્તરે જ નિરાકરણ થઈ જાય તેવો પ્રો-એક્ટિવ અભિગમ અપનાવવા મુખ્યમંત્રીશ્રીનું સૂચન

જુલાઈ-૨૦૨૪ના 'સ્વાગત' ઓનલાઇન કાર્યક્રમમાં સમગ્રતયા ૧૪૯૫ રજૂઆતોના નિવારણ સાથે ૫૯ ટકા પ્રશ્નોનો નિવેડો આવી ગયો

કમલમ્ ન્યુઝ,
મુખ્યમંત્રી શ્રીભૂપેન્દ્ર પટેલે 'સ્વાગત' કાર્યક્રમ માં તાલુકા અને જિલ્લા સ્તરે આવતી પ્રજાજનો-નાગરિકોની રજૂઆતોનું સ્થાનિક સ્તરે જ નિવારણ લાવવાનોપ્રો-એક્ટિવ અભિગમ અપનાવવા જિલ્લા અને તાલુકા તંત્રવાહકોને સૂચનકર્યું છે. આ સંદર્ભમાં તેમણે સ્પષ્ટપણે જણાવ્યું કે, જિલ્લા-તાલુકા 'સ્વાગત'માંલાંબા સમય સુધી લોકોની રજૂઆતો નો ઉકેલ ન આવે અને તેમને તે માટે રાજ્ય 'સ્વાગત' સુધી આવવું પડે છે તેવી પરિસ્થિતિ નિવારવી જરૂરી છે. મુખ્યમંત્રીશ્રીએ ગાંધીનગરમાં જુલાઈ-૨૦૨૪ મહિનાના રાજ્ય 'સ્વાગત' ઓનલાઈન કાર્યક્રમમાં મળેલી રજૂઆતો-પ્રશ્નોના નિવારણ માટે જિલ્લાતંત્રોને માર્ગદર્શન આપતાં આ સૂચનો કર્યા હતા. તાલુકા મામલતદારોની તાલુકા 'સ્વાગત'ની કામગીરીની સમીક્ષાપણ મુખ્યમંત્રીશ્રીએ હાથધરીહતી. જુલાઈ-૨૦૨૪ના આ 'સ્વાગત'માં રાજ્ય, જિલ્લા અને તાલુકા 'સ્વાગત'માં કુલ મળીને ૨૫૩૮ રજૂઆતો આવીહતી. ૫૯ ટકાએટલે કે ૧૪૯૫ રજુઆતોનું નિરાકરણ લાવી દેવાયું છે. રાજ્ય 'સ્વાગત'માં મહેસુલ, પંચાયત, શહેરીવિકાસ, પોલીસઅને માર્ગ મકાન વિભાગને સ્પર્શતી રજૂઆતો આવી હતી. મુખ્યમંત્રીશ્રીભૂપેન્દ્રપટેલેઆરજૂઆતોરજૂઆતકર્તાઓ પાસેથી વિગતવાર સમજીને તેના ત્વરિત નિવારણ માટેતેમણે સંબંધિતવિભાગોના સચિવોઅને સંબંધિત જિલ્લા-શહેરી તંત્રવાહકોને દિશાનિર્દેશ આપ્યા હતા. સંબંધિત રજૂઆતકર્તાઓએ પણ આ અંગે સંતોષની લાગણી વ્યક્ત કરીહતી. આ 'સ્વાગત' કાર્યક્રમમાં મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવ શ્રી પંકજ જોષી, સચિવ શ્રીમતી અવંતિકા સિંઘ, ખાસ ફરજ પરના અધિકારી શ્રી ધીરજ પારેખ અને સંબંધિત વિભાગોના વરિષ્ઠ અધિકારીઓ જોડાયા હતા.

પ્રધાનમંત્રી નીતિ આયોગની ગવર્નિંગ કાઉન્સિલની ૯મી બેઠકની અધ્યક્ષતા કરશે, જે'Viksit Bharat@2047'નું વિઝન પ્રસ્તુત કરશે

'ઇઝ ઓફ લિવિંગ' પર ભાર મુકીને ભવિષ્યના વિકાસને આકાર આપવા પર ધ્યાન કેન્દ્રિત કરવું

કમલમ્ ન્યુઝ,
પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી ૨૭જુલાઈ, ૨૦૨૪નારોજ નવી દિલ્હીમાં રાષ્ટ્રપતિ ભવનના સાંસ્કૃતિક કેન્દ્રમાંનીતિ આયોગની ગવર્નિંગ કાઉન્સિલની ૯મી બેઠકનીઅધ્યક્ષતાકરશે. આ વર્ષની થીમ 'ફૈજૈ Bharat@2047' છે, જેમાં ભારતને વિકસિત રાષ્ટ્ર બનાવવા પર કેન્દ્રિત ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. ગવર્નિંગ કાઉન્સિલની બેઠકમાં વિકસિત ભારત@2047 પર વિઝન ડોક્યુમેન્ટ માટે એપ્રોચ પેપર પર ચર્ચાકરવામાં આવશે. આ બેઠકનો ઉદ્દેશ કેન્દ્રઅને રાજ્યસરકારો વચ્ચે સહભાગી શાસન અને જોડાણને પ્રોત્સાહન આપવાનો છે, જે સરકારી હસ્તક્ષેપોની ડિલિવરી મિકેનિઝમને મજબૂત કરીને ગ્રામીણ અને શહેરી બંને વસતિ માટે જીવનની ગુણવત્તાને વધારવાનો છે. આ બેઠકમાં વિકસિત ભારત @2047ના લક્ષ્યને પ્રાપ્ત કરવામાં રાજ્યોની ભૂમિકા પર વિસ્તૃત ચર્ચા-વિચારણા પણ કરવામાં આવશે. જીડીપી ૫ ટ્રિલિયન અમેરિકન ડોલરને પાર કરીને ભારત વિશ્વનું ત્રીજું સૌથી મોટું અર્થતંત્ર બનવાના માર્ગે અગ્રેસર છે અને વર્ષ ૨૦૪૭ સુધીમાં ૩૦ ટ્રિલિયન અમેરિકન ડોલરની અર્થવ્યવસ્થા સુધી પહોંચવાની આકાંક્ષા ધરાવે છે. ૨૦૪૭ સુધીમાં 'વિકસિત ભારત'નું વિઝન હાંસલ કરવામાટે કેન્દ્ર અને રાજ્ય સરકારો વચ્ચે સહયોગી અભિગમની જરૂર પડશે. ગવર્નિંગ કાઉન્સિલની ૯મી બેઠકનો ઉદ્દેશ આ વિઝન માટે એક રોડમેપતૈયાર કરવાનો છે, જે કેન્દ્ર અને રાજ્યો વચ્ચે 'ટીમ ઈન્ડિયા' તરીકે ટીમવર્કને પ્રોત્સાહન આપશે. નીતિ આયોગની ગવર્નિંગ કાઉન્સિલ ૨૭-૨૯ ડિસેમ્બર, ૨૦૨૩ દરમિયાન આયોજિત મુખ્ય સચિવોની ત્રીજી રાષ્ટ્રીય પરિષદનીભલામણો પરપણ ધ્યાન કેન્દ્રિત કરશે. 'જીવન જીવવાની સરળતા'નીમુખ્ય થીમ હેઠળ મુખ્ય સચિવોની ત્રીજી રાષ્ટ્રીય પરિષદ દરમિયાન નીચેનાં પાંચ મુખ્ય વિષયો પર ભલામણો કરવામાં આવી હતી:

૧. **પીવાનું પાણી: સુલભતા, માત્રા અને ગુણવત્તા**
૨. **વિદ્યુત: ગુણવત્તા, કાર્યદક્ષતા અને વિશ્વસનીયતા**
૩. **આરોગ્ય: સુલભતા, વાજબીપણું અને સારસંભાળની ગુણવત્તા**
૪. **શાળાકીય શિક્ષણ: સુલભતા અને ગુણવત્તા**
૫. **જમીન અને સંપત્તિ: સુલભતા, ડિજિટાઇઝેશન, નોંધણી અને પરિવર્તન**

આ ઉપરાંત સાયબર સુરક્ષા, મહત્વાકાંક્ષી જિલ્લાઓ અને બ્લોક્સ કાર્યક્રમ, રાજ્યોની ભૂમિકા અને શાસનમાં એઆઈ પર વિચાર-વિમર્શ કરવા માટે વિશેષ સત્રોનું પણ આયોજન કરવામાંઆવ્યું હતું, જેના પર મુખ્ય સચિવોની ત્રીજી રાષ્ટ્રીય પરિષદ દરમિયાન પણ ચર્ચા થઈ હતી. નીતિ આયોગની ગવર્નિંગ કાઉન્સિલની ૯મી ગવર્નિંગ કાઉન્સિલની બેઠકની તૈયારીમાં, ડિસેમ્બર ૨૦૨૩ ના અંતમાં ત્રીજી મુખ્ય સચિવોની પરિષદયોજાઈ હતી, જે દરમિયાન આ પાંચ મુખ્ય વિષયો પર વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. ભારત સરકારનાં સચિવો તથા તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોનાં મુખ્ય સચિવો માળખાને વ્યાખ્યાયિત કરવાઅને 'વિકસિત Bharat@2047'નાં એજન્ડા માટે સૂચનો પ્રદાન કરવા માટેની સલાહકાર પ્રક્રિયાનો ભાગ હતાં. પ્રધાનમંત્રી નીતિ આયોગના અધ્યક્ષ છે. અન્ય ઉપસ્થિતોમાં રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોનાં મુખ્ય મંત્રીઓ અને લેફ્ટનન્ટ ગવર્નર, હોદ્દાની રૂએ સભ્ય અને વિશેષ આમંત્રિતો તરીકે કેન્દ્રીય મંત્રીઓ તથા નીતિ આયોગનાં ઉપાધ્યક્ષ અને સભ્યો સામેલ હશે.

કમલમ્ ન્યુઝ,ડેવિડ પટેલ.
શ્રી ખોડલધામ, સંડેરઉત્તર ગુજરાતના ટ્રસ્ટીશ્રીઓ, કન્વીનરશ્રીઓ, સહ કન્વીનરશ્રીઓ, સલાહકાર મિત્રો, દાતાશ્રીઓ, શ્રી ખોડલધામ મહિલા સમિતિ અને શ્રી ખોડલધામ વિદ્યાર્થી સમિતિ, અને શ્રી ખોડલધામ સંકુલ સંડેરના પ્રોજેક્ટ ટીમની એક અગત્યની મીટીંગ યોજાઈ હતી. સંડેરના શામળભાઈ જેઠાભાઈપાર્ટી પ્લોટ ખાતે શ્રી નરેશભાઈપટેલના અધ્યક્ષ સ્થાને યોજાયેલી આ મીટીંગમાં શ્રી ખોડલધામ સંકુલ સંડેર અંગે ચર્ચા-વિચારણા કરવામાંઆવી હતી. ત્યારબાદ શ્રી નરેશભાઈ પટેલે અને સૌ આગેવાનોએ સંડેર ખાતે શ્રી ખોડલધામ સંકુલની મુલાકાત લીધી હતી અને સાઈટપર વૃક્ષારોપણ કર્યું હતું.

વિધાનસભા-૬૮ રાજકોટ (પૂર્વ) વિસ્તારના વોર્ડ નં.૧૫માં

ખોડીયારનગર યુવા યુનિટી સંચાલિત "જનસેવા કાર્યાલય" તેમજ દ્વારા વિવિધ સરકારી યોજનાઓનો કેમ્પ યોજાયો

કમલમ્ ન્યુઝ,
વિધાનસભા-૬૮ રાજકોટ (પૂર્વ) વિસ્તારના વોર્ડ નં. ૧૫માં ખોડીયારનગર યુવા યુનિટી સંચાલિત "જનસેવા કાર્યાલય" સંયુક્ત ઉપક્રમે તા.૧૮/૦૭/૨૦૨૪ અને તા.૧૯/૦૭/૨૦૨૪ ના રોજ વિવિધ સરકારી યોજનાઓનો કેમ્પ યોજાયો હતો. આ કાર્યક્રમમાં લાભાર્થીઓને વિવિધ સરકારી યોજના અંતર્ગત લાભ મળીરહે તેવાશુભ આશયથી પ્રધાનમંત્રી વિશ્વકર્મા યોજના, ઈન્ડિયન પોસ્ટ દ્વારા દસ લાખના વીમા અંગેની કામગીરી, પોસ્ટમાં નવા એકાઉન્ટખોલવાની કામગીરી, રાજકોટ મહાનગરપાલિકા દ્વારા સખી મંડળ યોજના અને બેંકેબલ યોજના અંતર્ગત બે લાખની લોન અંગેની કામગીરી ઉપરાંત આધારકાર્ડ, આયુષ્યમાન કાર્ડ, આભા કાર્ડ, ઈ-શ્રમ કાર્ડ, તેમજ ચૂંટણી કાર્ડનું વિતરણ કરવામાં આવ્યું, આ કેમ્પમાંરાજકોટ શહેર ભાજપ મહામંત્રી અશ્વિનભાઈ મોલીયા, પુર્વમહામંત્રી કિશોરભાઈ રાઠોડ, જન સેવાકાર્યલય સંચાલક તેમજ વોર્ડ નં.૧૫ભાજપ અગ્રણી નિલેશભાઈ હેરભા તથા વોર્ડ નં.૧૫ના તમામ કાર્યકતાઓ જોડાયા હતા.

કમલમ્ ન્યુઝ,ડેવિડ પટેલ
મહેસાણા જિલ્લાભાજપ યુવામોરચા દ્વારા મશાલ રેલી નીકળવામાં આવી. કારગીલ વિજય દિવસ ના ૨૫ વરસ નિમિતે ભાજપ યુવા મોરચા દ્વારા જિલ્લા માં ૧૬ જગ્યાએ મશાલ રેલી યોજવામાં આવી. કારગીલ વિજય દિવસ ના ૨૫ વરસ નિમિતે ૨૫ કલાક અખંડ વિજય જ્યોત રાખવામાં આવશે. અને આવતી કાલે શહીદો ની જ્યોત નું પૂજન કરવામાં આવશે. મશાલ રેલી માં ધારાસભ્ય મુકેશભાઈ પટેલ, જિલ્લા ના મહામંત્રી ભગાજીઠાકોર અને જેસંગભાઈ ચૌધરી અને જિલ્લા યુવામોરચા નાપ્રમુખ મયુર પટેલ જોડાયા. શહેર યુવા મોરચા પ્રમુખ મનેશ ભાઈ અને મહામંત્રી અને યુવા મોરચા પ્રમુખ મૈત્રેય પટેલ અને મહામંત્રી અનિલ દેસાઈ દ્વારા મહેસાણા શહેર માં યોજવામાં આવી રેલી.

વિરમગામના શેઠ એમ જે હાઈસ્કુલ ખાતે વર્લ્ડ હેપેટાઈટિસ ડે અંતર્ગત અવેરનેસ કાર્યક્રમ યોજાયો

વિદ્યાર્થીઓને હિપેટાઇટિસ, ટીબી, એચઆઈવી, ચાંદીપુરમ વાઈરસ વિશે માર્ગદર્શન આપવામાં આવ્યું

કમલમ્ ન્યુઝ,વિરમગામ
ઈટ્સ ટાઈમ ફોર એક્શન થીમ અંતર્ગત વિરમગામની જાણીતી શૈક્ષણિક સંસ્થા શેઠ એમ જે હાઈસ્કુલ ખાતેવર્લ્ડ હેપેટાઈટિસ ડે અંતર્ગત અવેરનેસ કાર્યક્રમ યોજાયો હતો. ઉપસ્થિત વિદ્યાર્થીઓને હિપેટાઈટિસ, ટીબી, એચઆઈવી, ચાંદીપુરમ વાયરસ અંગે વિસ્તૃત સમજ આપવામાં આવી હતી. આ ઉપરાંત આરબીએસકે ડોક્ટરોનીટીમ દ્વારા વિદ્યાર્થીઓની આરોગ્ય તપાસ કરવામાંઆવી અને જરૂરી સલાહ સારવાર આપવામાં આવી હતી. વિદ્યાર્થીઓ અને શિક્ષકોના બ્લડ રિપોર્ટ માટે બ્લડ કલેકશન પણ કરવામાં આવ્યું હતું. જિલ્લા ક્ષય અધિકારી ડો.કાર્તિક શાહ અને તાલુકા હેલ્થ ઓફિસર ડો.બી કે વાઘેલાના માર્ગદર્શન હેઠળ આયોજિત કાર્યક્રમમાં આચાર્ય સુનીતાબેન, આરબીએસકે મેડિકલ ઓફિસર ડો.કિરણ પંચાલ, ડો.રિદ્ધિ પટેલ, દિશા યુનિટ ડો. પ્રતીક ડામોર, તાલુકા હેલ્થ ઓફિસ વિરમગામના સુપરવાઈઝર રવિન્દ્રકુમાર રાઠોડ, ટીબી સુપરવાઈઝર પ્રકાશ પટેલ, આઈસીટીસી કાઉન્સિલર મુકેશ વાણીયા, લેબોરેટરી ટેક્નિશિયન અશ્વિન મકવાણા, જયોત્સના સોલંકી, ફાલ્ગુનીપ્રજાપતિ, નીલકંઠ વાસુકીયા સહિત વિદ્યાર્થીઓ શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે ભારત સરકાર દ્વારા ૨૮ જુલાઈ ૨૦૧૮ માં નેશનલ વાયરલ હિપેટાઈટિસ કંટ્રોલ પ્રોગ્રામ લોન્ચ કરવામાં આવેલ છે. જે પ્રોગ્રામ અંતર્ગત દર વર્ષે ૨૮ જુલાઈના રોજ વર્લ્ડ હેપેટાઈટિસ ડે તરીકે ઉજવણી કરવામાં આવે છે. જે અંતર્ગત અમદાવાદ જિલ્લામાં ૧૫ થી ૨૮ જુલાઈ ૨૦૨૪ વર્લ્ડ હિપેટાઈટિસ ડે તરીકે ઉજવણી કરવાનું નક્કી કરવામાંઆવેલ છે.

સાપુતારા 'મેઘ મલ્હાર પર્વ-૨૦૨૪'ના આયોજન અર્થે ડાંગ જિલ્લા કલેકટર શ્રી બી.બી. ચૌધરીના અધ્યક્ષ સ્થાને બેઠક યોજાઈ

કમલમ્ ન્યુઝ,આહવા
ગુજરાતના એકમાત્ર હિલ સ્ટેશન એવા સાપુતારા ખાતે પ્રવાસનની સાથે સાથે, સ્થાનિક રોજગારીને વધુને વધુ પ્રોત્સાહન આપવાના ઉદ્દેશ્યથીમુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે આગામી તા.૨૯જુલાઈનારોજ'મેઘ મલ્હાર પર્વ-૨૦૨૪'નો ઉદ્‌ઘાટન સમારંભ યોજાનાર છે.

મુખ્ય મંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષ સ્થાને યોજાનાર આ કાર્યક્રમના સુચારૂ આયોજન તેમજ કામગીરી સંદર્ભે, ડાંગ જિલ્લા વહિવટી તંત્રના વડા એવા કલેકટર શ્રી બી.બી.ચૌધરીના અધ્યક્ષ સ્થાને જિલ્લા સેવા સદન ખાતે એકમહત્વની બેઠક યોજાઇ હતી.

આ બેઠકમાં પોલીસ વિભાગ સહિત વાહન વ્યવહાર, માર્ગ અને મકાન વિભાગ, વીજ, શિક્ષણ, આરોગ્ય, માહિતી અને પ્રસારણ, તેમજ વન વિભાગ જેવા સરકારના વિવિધ વિભાગોના અધિકારીઓને, સંબંધિત કાર્યક્રમની આનુષાંગિક કામગીરીથી અવગત કરાવાયા હતા.

દરમિયાનપરસ્પર સંકલન અને સહયોગ સાથે કામગીરી પાર પાડવા, કલેકટર શ્રી બી.બી.ચૌધરીએ સુચનોકર્યાહતા. બેઠકની કાર્યવાહી સંભાળતા પ્રાંત અધિકારી શ્રી સાગર મોવાલિયાએ પૂરક વિગતોરજૂ કરી હતી.

આ બેઠકમાં દક્ષિણ વન વિભાગના મદદનીશ વન સંરક્ષક શ્રી સુરેશ મીણા, આરોગ્ય અધિકારીશ્રી ડો.હિંમાશું ગામિત, કાર્યપાલક ઇજનેર શ્રી એમ.આર.પટેલ સહિતના અધિકારીશ્રીઓ, તેમજ ગુજરાત ટુરીઝમનાઅધિકારીશ્રીઓ વિગેરે ઉપસ્થિત રહ્યાં હતા.

કમલમ્ ન્યુઝ,
કારગિલ વિજયની ૨૫મી વર્ષગાંઠ નિમિત્તે સિદ્ધપુર શહેર ભારતીય જનતા યુવા મોરચા દ્વારા દેશના આપણા વીર સેનાનીઓની યાદમાં વિજય દિવસની પૂર્વ સંધ્યાએ યોજાયેલ મશાલ યાત્રા કાર્યક્રમમાં માન. કેબિનેટ મંત્રી શ્રી બલવંતસિંહ રાજપૂત સાહેબે હાજરી આપી રાષ્ટ્રપ્રેમ અને દેશભક્તિના ઉત્સાહપૂર્ણ વાતાવરણમાં શ્રી દિલીપભાઈ પંડ્યા પૂર્વ સાંસદ, નગરપાલિકાના પ્રમુખશ્રી અને કોર્પોરેટરશ્રીઓ, મહામંત્રી શ્રી પાટણ જિલ્લા ભાજપ, પ્રમુખશ્રી પાટણ જિલ્લા મહિલા મોરચા, ભાજપ સિધ્ધપુર શહેરના પ્રમુખશ્રી, મહામંત્રીશ્રીઓ, એપીએમસીચેરમેન, તાલુકા ભાજપ પ્રમુખ અને મહામંત્રીશ્રીઓ, સ્થાનિક પદાધિકારીશ્રીઓ અને હોદ્દેદારશ્રીઓ, પ્રમુખ યુવા ભાજપ સિદ્ધપુર શહેર, મહામંત્રીશ્રી, યુવા કાર્યકરો આ "મશાલ યાત્રા"માં જોડાયા હતા.

વલસાડ જિલ્લા પ્રભારી સચિવ રેમ્યા મોહનની અધ્યક્ષતામાં જિલ્લાની સમીક્ષા બેઠક યોજાઈ

કમલમ્ ન્યુઝ,વલસાડ
વલસાડ જિલ્લા પ્રભારી સચિવ રેમ્યા મોહનની અધ્યક્ષતામાં તેમજ કલેકટર અનસુયા જહાની ઉપસ્થિતિમાં વલસાડ જિલ્લાની સમીક્ષા બેઠક જિલ્લાના ધારાસભ્યો તેમજ અધિકારીઓની ઉપસ્થિતિમાં યોજાઈ હતી. સચિવશ્રીએ સમીક્ષા બેઠકમાં જિલ્લા વહીવટી તંત્રના વિવિધ વિભાગો દ્વારા થતી કામગીરી અંગે માહિતી મેળવી વિસ્તૃત ચર્ચા અને સમીક્ષા કરી જરૂરી સૂચનો કર્યા હતા. આ બેઠકમાં સીએમ ડેશબોર્ડ, જમીન સંપાદન, સ્વાગતકાર્યક્રમો, સ્થાનિક સ્વરાજની ચૂંટણી અને હાલની પરિસ્થિતિ, વાપી મહાનગર પાલિકા સંબંધિત કામગીરી, સમાજ સુરક્ષા, ડિજિટલગુજરાત, પીએમ જનમન, વન અધિકાર અધિનિયમ – ૨૦૦૬, ડિઝાસ્ટર મેનેજમેન્ટ અને આરોગ્ય સહિત વિભાગોની કામગીરીની સમીક્ષા કરવામાં આવી હતી. સમાજ કલ્યાણ વિભાગ હેઠળ વૃદ્ધ સહાય અને વિધવા પેન્શન સહાયમાં સમગ્ર જિલ્લામાં કરેલી કામગીરી અને નોંધાયેલા લાભાર્થીઓની જાણકારી મેળવી વધુમા વધુ લાભાર્થીઓને લાભ મળે એવા પ્રયાસ કરવા સૂચન કર્યુ હતું. જમીન સંપાદનની હાલની પરિસ્થિતિનો તાગ મેળવ્યો હતો. પીએમ જનમન હેઠળ છે વાડાના લોકોને આવરી લઈ કરવામાં આવેલી કામગીરીની ચર્ચા કરી સ્થળ તપાસ કરી દરેક લાભાર્થીઓ સુધી જરૂરિયાતના કામો વહેલી તકે પૂર્ણ કરવા જણાવ્યું હતું. વધુમાં જિલ્લામાં હાલની વરસાદની પરિસ્થિતિને ધ્યાને રાખી સચિવશ્રીએ જિલ્લા ડિઝાસ્ટર વિભાગને પરિસ્થિતિને અનુરૂપ પહોંચીવળવા તૈયાર રહેવા જણાવ્યું હતું તેમજ જિલ્લાના નીચાણવાળા વિસ્તારોમાં પાણીભરાવાના કારણે જાનહાનિ અને માનહાનિને અટકાવવા સમયસર સ્થળાંતર અને આગમચેતી આપવાની સિસ્ટમ વિશે માહિતી મેળવી હતી. દરેકતાલુકાઓમાં બચાવકાર્ય માટે તરવૈયાઓ અને વોલેન્ટિયર્સની જાણકારી મેળવી ડિઝાસ્ટર મેનેજમેન્ટની સમીક્ષા કરી જરૂરી સૂચનો કર્યા હતા. ચાંદીપુરા વાયરસ અંગે જિલ્લાની પરિસ્થિતિની જાણકારી મેળવી આરોગ્ય વિભાગ દ્વારા હાઈ ગ્રેડ ફિવર કેસોનું ડેઈલી મોનિટરિંગ કરવાજણાવ્યુંહતું. હાઈગ્રેડફિવર અને ચાંદીપુરાના શંકાસ્પદ કિસ્સાઓમાંદર્દીને તરતજ હાયર મેડિકલ ફેસિલીટીમાંરિફર કરવા, ડેઈલી મોનિટરીંગની સુવ્યવસ્થિત કામગીરી કરવા,ટ્રાઈબલ વિસ્તારો અને બીજા સંબંધિત વિસ્તારોમાં સફાઈ કામગીરી, દવા છંટકાવની કામગીરી સમયસર પૂર્ણ કરવા, કામગીરીમાં ગામોના તલાટી સાથે સંકલન સાધવા તેમજ સીડીએચઓને બાળકોના રોજિંદા હેલ્થ મોનિટરિંગ કરી ડેટા એકત્ર કરી જિલ્લા વહીવટી તંત્ર સાથે સંકલનમાં રહી કાર્ય કરવા સૂચના આપી હતી. સચિવશ્રીએ દરેક ધારાસભ્યોના પ્રશ્નો અને રજૂઆતો અંગે સંબંધિત વિભાગો સાથે ચર્ચા કરી જરૂરી જન ઉપયોગી કામગીરી પૂર્ણ કરવા જણાવ્યું હતું. બેઠકમાં જિલ્લા પંચાયત પ્રમુખ મનહરભાઈ પટેલ, ઉમરગામ, કપરાડા, ધરમપુર અને વલસાડ ધારાસભ્યો સર્વશ્રી રમણલાલ પાટકર, જીતુભાઈ ચૌધરી, અરવિંદભાઈ પટેલ અને ભરતભાઈ પટેલ, કલેક્ટર અનસુયા જહા, જિલ્લા વિકાસ અધિકારી અતિરાગચપલોત, પ્રાંત અધિકારીઓ, મામલતદારો, સહિત સંબંધિત વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ભારતીય જનતા યુવા મોરચા નર્મદા જીલ્લા દ્વારા કારગીલ વિજય દિવસની પૂર્વ સંધ્યાએ રાજપીપલા ખાતે યોજાયેલ

કમલમ્ ન્યુઝ,શૈશવ રાવ
ઈ.સ. ૧૯૯૯માં કારગિલ વિજય પછી ભારતના તત્કાલીન વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીએ આ દિવસને કારગિલ વિજય દિન તરીકે જાહેર કર્યોહતો. ૨૬મી જુલાઈએ ભારતના પાકિસ્તાન પર કારગિલ યુદ્ધમાં વિજયના કારણે ઉજવવામાં આવે છે.આ યુદ્ધ ભારત અને પાકિસ્તાન વચ્ચે વર્ષ ૧૯૯૯ના મે અને જુલાઈ મહિનામાં કાશ્મીરના કારગિલ જિલ્લામાં અને નિયંત્રણ રેખા ની બાજુમાં થયું હતું. ભારતમાં આ સંઘર્ષને ઓપરેશન વિજય તરીકે પણ ઓળખવામાં આવે છે, જે કારગિલ ક્ષેત્રને ઘુસણખોરોથી મુક્ત કરવાના ભારતીય ઓપરેશનનું નામ હતુંઆ યુદ્ધ દરમ્યાન ભારતીય ભૂમિસેનાના સાથે સંયુક્તરીતે કામ કરતી ભારતીય વાયુસેનાનો હેતુ પાકિસ્તાન ભૂમિસેનાના નિયમિત તથા અનિયમિત સૈન્યને ભારતીય વિસ્તારમાંથી નિયંત્રણ રેખાની બીજી તરફ ખદેડી મુકવાનો હતો. આ ખાસ ઓપરેશનનું કોડનેમ ઓપરેશન સફેદ સાગર રાખવામાંઆવ્યું હતું.ત્યારે આ વિજય દિવસની પૂર્વસન્ધ્યાએ રાજપીપલા ભારતીય જાણતા યુવા મોરચા દ્વારા મશાલ રેલીનું આયોજન કરાયું હતુંભારતીય જનતા યુવા મોરચા નર્મદા જીલ્લા દ્વારા કારગીલ વિજય દિવસની પૂર્વ સંધ્યાએ રાજપીપલા ખાતે યોજાયેલ ભવ્ય મશાલ યાત્રામાં સહભાગી થઈ તમામ શહીદો ને વિરાંજલી અર્પણ કરી. આ યાત્રામાં નર્મદા જીલ્લા પ્રમુખ ઘનશ્યામભાઈપટેલ,નર્મદા જીલ્લા યુવા મોરચા પ્રમુખ ગૌરાંગભાઈ બારીયા જી,રાજપીપલા શહેર પ્રમુખ રમણસિંહ રાઠોડ જી,રાજપીપલા શહેર મહામંત્રી અજીત પરીખ જી,નાંદોદ મંડલ પ્રમુખ અરવિંદભાઈ પટેલ , રાજપીપલા નગરપાલિકા પ્રમુખ શ્રીમતી ધર્મિષ્ઠાબેન પટેલ જી,રાજપીપલાનગરપાલિકા ઉપપ્રમુખ ગિરિરાજ ખેરજી,રાજપીપલા નગરપાલિકા કારોબારી ચેરમેન કુલદીપસિંહ ગોહિલ જી,નાંદોદ તાલુકા પંચાયત પૂર્વ પ્રમુખ હરેશભાઈ વસાવા જી,શહેર,તાલુકા ના હોદેદારો, યુવાઓ અને દેશભકતો મોટી સંખ્યામાં જોડાયા.

કારગિલ વિજય દિવસ ભારતના સ્વાભિમાન, અદભુત પરાક્રમ અને અટલ બિહારી બાજપાઈજીના મજબુત અને દ્રઢ નેતૃત્વનું પ્રતીક છે: ઉદય કાનગડ

૨૬ જુલાઈ – કારગિલ વિજયના દિવસે દરેક દેશવાસી શોર્ય અને રાષ્ટ્ર માટે સમર્પિત એક પ્રેરણાદાયક ગાથાને સ્મરણ કરી રહયો છે : ભારતીય સેના ના સૌ શુરવીરોને શ્રધ્ધાસુમન અર્પણ કરતા ધારાસભ્ય ઉદય કાનગડ

રણભુમિમાં સેનાના જવાનોની વીરતા અને રાજનૈતિક મુત્સદીગીરી બંને મોરચે ભારતએ નાપાક ઈરાદા ધરાવતા પાકિસ્તાનને નામોશીભરી હાર આપી ભવ્ય વિજય હાંસલ કર્યો

૧૯૯૯માં કારગિલની બર્ફીલી ચોટી પર જે ભારતીય જવાનો દ્વારા વિજય ગાથા આલેખાઈ હતી તે આપણને તેમજ આવનારી પેઢીને પણ પ્રેરિત કરતી રહેશે

કમલમ્ ન્યુઝ,
ધારાસભ્ય ઉદય કાનગડએ આજે તા.૨૬–જૂલાઈ'કારગિલ વિજય ' દિવસ અંતર્ગત ૧૯૯૯માં કારગિલ ખાતે ઘૂસી આવેલા પાકિસ્તાની ઘૂસણખોરોને ખદેડી રણભૂમિમાં અપ્રિતમ શોર્ય દાખવનારા ભારતીય સૈન્યના વીર શહિદ જવાનોને શ્રધ્ધાસુમન અર્પણકરતાં જણાવેલ કે તા. ૨૬ મી જુલાઈએ પાકિસ્તાન પર કારગિલ યુધ્ધમાંવિજયના કારણે ઉજવવવામાં આવે છે. ઈ.સ. ૧૯૯૯ કારગિલ વિજય પછી ભારતના તત્કાલીન વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીએ આ દિવસને કારગિલ વિજય દિન તરીકે જાહેર કર્યો હતો. ૨૬ જુલાઈ કારગિલ વિજય દિવસના દિવસે કારગિલ ખાતે ભારતે દુશ્મનોને ધૂળ ચટાડીને વિજય મેળવ્યો હતો.આ દિવસ દરમિયાન ભારતના અનેક જવાનો શહિદ થયા હતા. જેનું બલિદાન દેશવાસીઓ કયારેય ભુલશે નહી. ત્યારે કારગિલ સમસ્યાએ દેશને કોંગ્રેસની ભેટ છે જેની અથ થી ઈતિ સુધીએટલે કે ૧૯૪૭માં દેશ આઝાદ થયો ત્યારથી સીલસીલાબંધ ઘટનાક્રમને જોઈએ તો ભૂતકાળની કોંગ્રેસ સરકારની ખાસ કરીને પંડિત નહેરૂજીની ખોટીનીતિઓને કારણે દેશવાસીઓને ઘણું સહન કરવું પડ્યું છે. ૧૯૪૭માં કાશ્મીરના મહારાજા હરિસિંહે ભારતમાં વિલય માટે અન્ય દેશી રાજયોની જેમ સહમતિ આપી અને કાશ્મીર ભારતનું અંગબન્યું. પાકિસ્તાને કાશ્મીર કબજે કરવા હુકમ કર્યો સામે ભારતીય સેનાએ વળતો હુમલો કરી પાકિસ્તાનીઓને ખડેદી મુકવાની શરૂઆત કરી. આમ વિલય પછી કાશ્મીર સંપૂર્ણ આપણું હતું. ત્યારે હુમલાખોર પાકિસ્તાનીઓને હાંકી કાઢવાને બદલે તે વખતના કોંગ્રેસી વડાપ્રધાનશ્રી નહેરૂએ આંતરરાષ્ટ્રીય દબાણ હેઠળ યુધ્ધ વિરામની જાહેરાત કરી. કાશ્મીરના કુલ ૨,૨૨,૭૯૮ ચો.કિ.મી. વિસ્તારમાંથી ૮૩,૨૯૪ ચો.કિ.મી.વિસ્તાર શ્રી નહેરૂએ પાકિસ્તાનને સોંપી દીધો. અને પાકિસ્તાને કાશ્મીરમાંથી આપણી પાસેથી મેળવેલ જમીનમાંથી એક મોટો ટુકડો ૧૯૬૩માં ચીનને ભેટ ધરી દીધો એટલુંજ નહી નહેરૂજીએ કાશ્મીરના મહારાજાની મરજી વિરૂધ્ધ આઝાદ કાશ્મીરના સપના જોનાર શેખ અબદુલ્લાને કાશ્મીરના મુખ્યમંત્રી બનાવી તેમના જ કહેવાથી બંધારણમાં અનુચ્છેદ–૩૭૦નો સમાવેશ કરાવી કાશ્મીરને એક અલગ દરજજો આપ્યો તેમજ નહેરૂજીએ કાશ્મીરનો સળગતો પ્રશ્ન અખંડ ભારતના સ્વપ્રદ્રષ્ટા સરદાર વલ્લભભાઈ પટેલને ન સોંપ્યો અને પોતાના હસ્તક રાખ્યો જેના પરિણામ સ્વરૂપઆ ભુલનીકિંમત કાશ્મીરી પંડિતો તેમજ દેશવાસીઓએ ૭૦ વર્ષ સુધી ચુકવી. અને ૭૦ વર્ષ બાદ દેશના યશસ્વી પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વવાળી સરકારના શાસનકાળમાં કાશ્મીરમાંથી કલમ–૩૭૦મી કલમ રદ કરવામાં આવી. અને કરોડો દેશવાસીઓનું સપનુ સાકાર થયું. આ ઉપરાંત કારગિલની એક અત્યંત મહત્વપૂર્ણ ટેકરી ''પોઈન્ટ ૧૩૬૨૦'' પરથી સમગ્ર કારગિલ અને શ્રીનગરનો લેહ હાઈવે સ્પષ્ટ દેખાય છે. આ જગ્યાને સેનાના અધિકારીઓ 'કારગિલનો મુગટ' કહે છે. ૧૯૪૭ના યુધ્ધ વિરામ વખતની દોરેલી લાઈન ઓફ કન્ટ્રોલમાં આ જગ્યા ભારતના કબજામાંછે એવુંસ્પષ્ટ હતું. ૧૯૬૫ના યુધ્ધમાં ઘૂસી આવેલા પાકિસ્તાનીઓને ખદેડી ૧૭મી મે, ૧૯૬૫ના રોજ સેનાની ચાર રાજપૂત ટુકડીએ આ જગ્યા કબજે કરી પણ પાકિસ્તાન ધ્વારા રાષ્ટ્રસંઘમાંફરિયાદ કરતાં કોંગ્રેસી શાસકોએ આ જગ્યા પાકિસ્તાનને સોંપીદીધી. તેજ વર્ષોનાપાક પાકિસ્તાનીઓ ધ્વારાઆડેધડ ફાયરીંગના જવાબમાં ૧૪મી ઓગસ્ટના રાત્રે ૧૭ પંજાબ ટુકડીએ આ ટેકરીનો પુનઃ કબજો લીધો પણ તાશ્કંદ સમજૂતી હેઠળ આ જગ્યા ૧૯૬૬માં કોંગ્રેસી સરકારે પુનઃ પાકિસ્તાનને સોંપી દીધી. ૧૯૭૧ના યુધ્ધમાં ૧૧ ગઢવાલ ટુકડીએ ૯મીડિસેમ્બર આ જગ્યાનો કબજો લીધો તે વખતે ભુમિદળના ભારે વિરોધના પગલે સરકારે આ જગ્યા પાકિસ્તાનને ન સોંપી. પરંતુ લશ્કરી અધિકારીઓના કહેવા મુજબ પાકિસ્તાનને અગાઉ 'પોઈન્ટ ૧૩૬૨૦' બે વખત સોંપાતા તેણે કારગિલ અને આજુબાજુના સમગ્ર ક્ષેત્રનો નકશો બનાવી કાઢ્યો અને સંપૂર્ણ જાણકારી મેળવી લીધી હતી. જે સમય જતા લશ્કરને ભારે પડ્યું. આમ કાશ્મીર સમસ્યા અને કારગિલ કટોકટી એ દેશને કોંગ્રેસ સરકારની જ દેન છે. ફેબ્રુઆરી–૯૯માં અટલબીહારી વાજપેયીના બસ ડિપ્લોમસી, લાહોર ડેકલેરેશનમાંઅણુયુધ્ધનું જોખમટાળવા અને કાશ્મીરના મુદ્દે ચર્ચા કરવા બે દેશોની તૈયારી અંતર્ગત અટલજીએ દિલ્હી–લાહોર વચ્ચે બસસેવા શરૂ કરાવી અને મે–૯૯માં ભારતે લંબાવેલો દોસ્તીનાહાથ છતાં પાકિસ્તાને તેની જુદી આદતમુજબ પીઠમાંખંજર મારવાની નાકામ કોશીશ કરી કારગિલમાં મોટાપાયે ઘૂસણખોરી કરી. પાકિસ્તાન સૈનિકો તથા ઘૂસણખોરોએ તોલોલીંગના શિખરો ઉપર મશીન ગન્સ, મોટાર, રાયફલ સાથે અડ્ડો જમાવી દીધો હતો અને શ્રીનગર લેહને જોડતાં હાઈવે પર પસાર થતા ભારતીય લશ્કરના વાહનોને ટાર્ગેટ બનાવી લશ્કરી સપ્લાય તોડવાની મેલી મુરાદ સાથે લેહનો ઘોરી માર્ગ પર કબજો કરવાના મનસુબા ઘડતા હતા. પરંતુ ભારતીય સેનાએ ''ઓપરેશન વિજય'' હેઠળ મહાલશ્કરી અભિયાન ઉપાડયું અને દુનિયાનુંએવુપ્રથમ અભિયાન હતું કે જેમા ૧૬ હજાર ફૂટ ઉંચાઈએ બેઠેલા દુશ્મનોને હટાવવામાંસફળ થયું. ૩૦હજાર જેટલા ભારતીય લશ્કરના જવાનો આ ઓપરેશનમાં જોડાયા. જોકે આપણા ૫૨૭ વીર સૈનિક શહીદ થયા અને ૧૩૬૩ સૈનિક ઘાયલ થયા. પણ આ યુધ્ધમાં અટલબીહારીબાજપેયીજીએ સેનાને છુટ્ટો દોર આપ્યો હતો. અને ધમાસાણ યુધ્ધમાં ભારતીય જવાનોએ પાકિસ્તાની ઘૂસણખોરોને જડબાતોડ જવાબ આપ્યો. આ પછી ૧૪ જુલાઈ,૧૯૯૯ના રોજ તત્કાલીન વડાપ્રધાન અટલબિહારી વાજપેયીએ કારગિલને ઘૂસણખોરોથી મુકત કરતા માટે ઓપરેશન વિજયની સફળતાની જાહેરાત કરીહતી. અને તા.૨૬ જુલાઈ–૧૯૯૯ના રોજ કારગિલ યુધ્ધનો સતાવાર રીતે અંત આવ્યો હતો અને ભારતની વિજયગાથા ચોતરફ ગુંજી ઉઠી હતી. આમ, કારગિલ વિજયના દિવસે દરેક દેશવાસી શોર્ય અને રાષ્ટ્ર માટે સમર્પિત એક પ્રેરણાદાયક ગાથાને સ્મરણ કરી રહયો છે. આજના આ અવસરે આપણે સૌ શુરવીરોને શ્રધ્ધાસુમન અર્પણ કરીએ તેમજ આ ષડયંત્રને અસફળ બનાવવા જેમણે પોતાનું સર્વસ્વ ન્યોછાવર કર્યુ છે એ શહીદોને તેમજ એમને જન્મ આપનારી વીર માતાઓને પણ નમન કરીએ છીએ. ૧૯૯૯માં કારગિલની બર્ફીલી ચોટી પર જે વિજય ગાથા લખાઈ હતી તે આપણને તેમજ આવનારી પેઢીને પણ પ્રેરિત કરતી રહેશે. કારગિલનો વિજય અનુશાસન, કઠોર પરિશ્રમ, વીરતા, ત્યાગ, બલિદાનની પરંપરા અને સંવેદનાથી ભરેલો છે. કારગિલ વિજય દિવસ આપણને ઉત્સાહ અને વિજય વિશ્વાસની સાથોસાથ ત્યાગ, તપસ્યા માટે મસ્તક નમાવવા માટે મજબુર પણ કરે છે. કારગિલ વિજય દિવસ ભારતના સ્વાભિમાન, અદભુત પરાક્રમ અને દેશના તત્કાલીન પ્રધાનમંત્રી અટલજીના મજબુત અને દ્રઢ નેતૃત્વનું પ્રતીક છે. અગાઉની કોંગ્રેસ સરકારના શાસનકાળમાં ચારેચાર યુધ્ધમાં ભારત મંત્રણાના ટેબલ ઉપર હારીગયું હતું જયારે કારગિલ યુધ્ધમાં ભારતીય સૈનિકોની વીરગાથા, શૌર્યતા અને ભારતની વિદેશનીતિ સફળ રહી હતી અને વિશ્વ શતરંજમાં પાકિસ્તાનને ભિખારીની અવસ્થામાં મુકાવાની સ્થિતિનું નિર્માણ એ જ આપણી સફળતા છે.ભૂતકાળના યુધ્ધોમાં કોંગ્રેસે પાકિસ્તાન સાથે ભાંગરોવાટયો હતો અને ભારતને ઘણો વિસ્તાર ગુમાવવાનો વારો આવ્યો હતો, ત્યારે ૧૯૯૯માં ભારતની કુશાગ્રતાભરી ચાલને પરીણામે કારગિલ ક્ષેત્રમાંથી પાકિસ્તાનને પીછેહટ કરવી પડી. આમ રણભુમિમાં સેનાના જવાનોની વીરતા અને રાજનૈતિક મુત્સદીગીરી બંને મોરચે ભારતએ નાપાક ઈરાદા ધરાવતા પાકિસ્તાનને નામોશીભરી હાર આપી ભવ્ય વિજય હાંસલ કર્યો. કારગિલ યુધ્ધમાં 'ઓપરેશન વિજય' સફળ થયું. અને દુનિયામાં સફળરાષ્ટ્ર તરીકે ભારત પ્રસ્થાપિત થયું. નવાઝશરીફ 'બદમાશ'પુરવાર થયા અને મજબૂતઅટલજી 'અટલ'રહયા. આમ કારગિલસંઘર્ષમાં દેશે ભારતના રાષ્ટ્રવાદના પ્રતીક સમાન વડાપ્રધાનશ્રી અટલજીના નેતૃત્વમાં સફળતા મેળવી તો સૈનિકોની જવામર્દીએ ભારતની શકિતનો પરિચય સમગ્ર વિશ્વને કરાવ્યો તેમ અંતમાં ધારાસભ્યઉદય કાનગડએ જણાવેલ હતું.

અમદાવાદ જીપીઓ દ્વારા ૨૫મી જુલાઈ ૨૦૨૪ના રોજ સફળતાપૂર્વક "ડાક ચૌપાલ" નું આયોજન

કમલમ્ ન્યુઝ,
અમદાવાદ જીપીઓ દ્વારા ૨૫મી જુલાઈ ૨૦૨૪ના રોજ સફળતાપૂર્વક ''ડાક ચૌપાલ'' નું આયોજન કરવામાં આવેલ જેનું ઉદઘાટન સુશ્રી મીતા કે શાહ , ડાયરેક્ટર, હેડક્વાર્ટર રિજિયન, અમદાવાદ દ્વારા કરવામાં આવ્યું. મુખ્ય પોસ્ટ માસ્તરની કચેરી, અમદાવાદ જીપીઓ દ્વારા ૨૫.૦૭.૨૦૨૪ના રોજ ધરતી વિકાસ મંડળ, નારણપુરા, અમદાવાદ ખાતે ''ડાક ચૌપાલ''નું આયોજન કરવામાં આવ્યું હતું, જે અમદાવાદ હેડ ક્વાર્ટર માં આયોજિત થનારી આવા ૭૦ કાર્યક્રમોની શ્રેણીમાં તેની સહભાગિતાને ચિહ્નિત કરે છે. આ કાર્યક્રમનું ઉદ્‌ઘાટન ડાયરેક્ટર , હેડ ક્વાર્ટર રિજિયન, સુશ્રી મીતા કે શાહ દ્વારા કરવામાં આવ્યું હતું, જેનો ઉદ્દેશ્ય વધુ સામુદાયિક જોડાણને પ્રોત્સાહન આપવા અને ટપાલ સેવાઓની સુલભતા વધારવાનો છે.

આ પ્રસંગે માનનીય શ્રી જીતેન્દ્ર પટેલ (ભગત)- ધારાસભ્ય, નારણપુરા, અમદાવાદ, શ્રી રમેશભાઈ પટેલ - શ્રી પાટીદાર પરિવાર ટ્રસ્ટ ગુજરાત પ્રદેશના સચિવ, શ્રી મુકેશતિવારી- આચાર્ય તપોવન વિદ્યાલય (CBSE), નારણપુરા ,પ્રીતિબેન લેઉવા– સી ડી પી ઓ , આઈ સી ડી એસ વિભાગ અને શ્રીમતી મંજુલાબેન એ પટેલ- સહાયક નિયામક , હેડ ક્વાર્ટરરિજિયન, હાજરરહ્યા હતા. સુશ્રી મીતા કે શાહે ''ડાક ચૌપાલનું'' આયોજન કરવાના ઉદ્દેશ્યથી શ્રોતાઓને માર્ગ દર્શિત કર્યા જે અંતર્ગત મુખ્ય ઉદ્દેશ ડિજિટલ ઈન્ડિયા, નાણાકીય સમાવેશ અને અંત્યોદયની વિભાવના સાથે છેલ્લા માઈલોને જોડવા. 'સરકારી સેવાઓને ઘરઆંગણે લાવવા' પર ધ્યાન કેન્દ્રિત કરીને, લોકોને નાણાકીય સેવાઓ, વીમો, ચુકવણી બેંક સેવાઓ, દ્રમ્, આધાર સેવાઓ , ઈ-કોમર્સ અને નિકાસ સેવાઓ સહિતની ઘણી નાગરિક કેન્દ્રિત સેવાઓ વિશે જાગૃતતા લાવવાનો છે તથા સરકારની કલ્યાણકારી યોજનાઓ અને તેના લાભો પોસ્ટ ઓફિસ દ્વારા લોકો સુધી પહોંચાડવા નો છે. IPPB દ્વારા, પોસ્ટમેન અને ગ્રામીણ ડાક સેવકો આજે મોબાઈલ બેંકતરીકે કામકરીરહ્યા છે. સુશ્રી મીતા કે શાહે કાર્યક્રમમાં લાભાર્થીઓને SSA અને MSSC પાસબુકનું વિતરણ કર્યું. તમામ આમંત્રિત મહેમાનોએ ડાક સેવાઓની કનેક્ટિવિટી વધારવા અને આવશ્યક સંદેશાવ્યવહારની સુવિધામાં ડાક સેવાઓની ભૂમિકામાંઊંડો રસ દર્શાવ્યો હતો. ઉપસ્થિતોને સંબોધતા, તેઓએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, "ડાક સેવાઓ આપણા રોજિંદા જીવનમાં સંદેશાવ્યવહારના વિશ્વસનીય માધ્યમો તથા નાણાકીય સેવાઓ પ્રદાન કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. તેઓએ દરેક ઈન્ડિયા પોસ્ટ દ્વારા ઓફર કરવામાં આવતી સેવાઓની વિશાળશ્રેણીનો ઉપયોગ કરવા અને અન્વેષણ કરવા પ્રોત્સાહિત કર્યા. આ પ્રસંગે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન ના નવા વાડજ વોર્ડ કાઉન્સિલર-શ્રી વિજયભાઈ પંચાલ અને ભાવનાબેન વાઘેલા, સ્ટેડિયમ વોર્ડના કાઉન્સિલર-શ્રી પ્રદીપભાઈ દવે અને શ્રી મુકેશભાઈ મિસ્ત્રી અને દિપલબેન પટેલે પણ ''ડાક ચૌપાલ'' માંભાગ લીધોહતો અને લોકોને આ પહેલ સાથે વધુને વધુ જોડાવા પ્રોત્સાહિત કર્યા હતા. આ પ્રસંગે અમદાવાદ જી પી ઓ ના ચીફ પોસ્ટ માસ્ટર શ્રી ગોવિંદ શર્મા, ડે. ચીફ પોસ્ટ માસ્ટર શ્રી રીતુલ ગાંધી, પોસ્ટ ઈન્સ્પેક્ટર શ્રી વિપુલ ચડોતરા, પોસ્ટ ઈન્સ્પેક્ટર પાયલ પટેલ, અમદાવાદ જીપીઓ ના જન સંપર્ક અધિકારી, માર્કેટિંગ એક્ઝિક્યુટિવ્સ સહિત દરેક ઉપસ્થિત રહ્યા હતા.

રાજ્ય સરકારે જીવન રક્ષક આવશ્યક દવાઓના એસેન્સીયલ ડ્રગ લીસ્ટમાં વધારો કર્યો

રાજ્યના પ્રત્યેક દર્દી માટે શ્રેષ્ઠતમ સારવાર અને ગુણવત્તાયુકત દવાઓ એ જ અમારી પ્રાથમિકતા: આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશ પટેલ

એસેન્સિયલ ડ્રગ લીસ્ટની દવાઓ ૭૧૭થી વધારીને ૧૩૮૨ કરાઈ; ૬૬૫ નવી જીવન રક્ષક દવાઓ ઉમેરાઈ

કમલમ્ ન્યુઝ,
આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશ પટેલે પ્રેસ-મીડિયાને સંબોધન કરતા જણાવ્યું હતું કે, રાજ્ય સરકારે જીવન રક્ષક આરોગ્ય દવાઓના એસેન્સિયલ ડ્રગ લીસ્ટ (EDL) ૨૦૨૪-૨૫માં નવી ૬૬૫ દવાનો ઉમેરો કર્યો છે. અગાઉ રાજ્ય સરકારના એસેન્સિયલ ડ્રગ લીસ્ટમાં ૭૧૭ દવાઓ હતી, જે હવે વર્ષ ૨૦૨૪-૨૫માં વધીને ૧૩૮૨ થઈ છે. રાજ્યના પ્રત્યેક દર્દીને શ્રેષ્ઠતમ સારવાર અને ગુણવત્તાયુકત દવાઓ ઉપલબ્ધ કરાવવી, એ જ અમારી સરકારની પ્રાથમિકતા છે. આ દવાઓ રાજ્યના ગ્રામીણ અને શહેરી વિસ્તારના સબ સેન્ટરથી લઈને સિવિલ હોસ્પિટલ સુધીના તમામ આરોગ્ય કેન્દ્રો ખાતે નિઃશુલ્ક ઉપલબ્ધ થશે. રાજ્ય સરકાર દ્વારા દર વર્ષે દવાઓની ખરીદી માટે એસેન્સિયલ ડ્રગલીસ્ટને રીવાઈઝ કરવામાં આવે છે. આ વર્ષે નવી ઉમેરાયેલી દવાઓમાં કેન્સર, એન્ટી કેન્સર, એન્ટી ઈન્ફેકશન, હૃદય રોગ, ડાયાબીટીશ, બી.પી. તેમજ કીડનીના રોગ સાથે સંકળાયેલી જીવન રક્ષક દવાઓ ઉમેરાઈ છે. મંત્રીશ્રી પટેલે વધુમાં ઉમેર્યુ હતું કે, રાજ્ય સરકારના એસેન્સિયલ ડ્રગ લીસ્ટમાં પ્રાથમિક ઉપચારની ૩૦૮ દવાઓ, સેકન્ડરી ઉપચારની ૪૯૫ દવાઓ અને ટર્સરી ઉપચારની ૧૩૪૯ દવાઓ ઉપરાંત સ્પેશીયલ ઉપચાર માટેની ૩૩ દવાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ ડ્રગ લીસ્ટમાં ૫૪૩ ટેબ્લેટ, ૩૩૧ ઈન્જેકશન, ૩૦૦ સર્જીકલ અને ૨૦૮ અન્ય દવાઓનો સમાવેશ થાય છે. મંત્રીશ્રીએ વધુ વિગતો આપતા ઉમેર્યુ હતું કે, વર્ષ ૨૦૨૨-૨૩ના ડ્રગ લીસ્ટમાં કાર્ડીઓ વેસ્ક્યુલરની ૨૪ દવાઓ હતી, જે વર્ષ ૨૦૨૪-૨૫માં વધીને ૧૧૭ થઈ છે. તેવી જ રીતે એન્ટી ઈન્ફેકટીવની દવાઓ ૧૨૦થી વધીને ૧૯૯, એન્ટી કેન્સરની ૧૩થી વધીને ૪૭, ન્યૂરોલોજીકલ અને સાઈકેટ્રીકની ૫૨ થી વધીને ૧૨૩, આમ કુલ ૧૨ જેટલા રોગોની જીવન રક્ષક દવાઓમાં વધારો કરાયો છે.

ગુજરાત વિધાનસભાની જાહેર હિસાબ સમિતિ તા. ૨૪ થી ૨૬ જુલાઈ દરમિયાન ડાંગ જિલ્લાના વિવિધ પ્રવાસન સ્થળોની મુલાકાત લીધી

જિલ્લાના ભેંસકાત્રી, મહાલ, શબરીધામ, સાપુતારા સહિત વઘઇના પ્રવાસન સ્થળ તેમજ શૈક્ષણિક સંસ્થાઓની મુલાકાત લીધી

કમલમ્ ન્યુઝ,આહવા
ગુજરાત વિધાનસભાની જાહેર હિસાબ સમિતિએ તારીખ ૨૪ થી ૨૬ જુલાઈ ૨૦૨૪ દરમિયાન, ડાંગ જિલ્લાના વિવિધ પ્રવાસન સ્થળોની મુલાકાત લીધી હતી. ડાંગ જિલ્લાના અભ્યાસ પ્રવાસ અર્થે પધારેલ ગુજરાત વિધાનસભાની જાહેર હિસાબ સમિતિનું વિધાનસભાના નાયબ દંડક શ્રી વિજયભાઈ પટેલે પ્રથમ દિવસે ભેંસકાત્રીમાં શ્રીઅન્ન તેમજ પુષ્પગુચ્છ વડે ભાવભિનું સ્વાગત કર્યું હતું. ડાંગ જિલ્લાના વિવિધ પ્રવાસન સ્થળો જેમાં પ્રથમ દિવસે ઈકો કેમ્પ સાઈટ મહાલ, તેમજ સુબીર ખાતે આવેલ શબરી ધામની મુલાકાત લીધી હતી. જ્યારે બીજા દિવસે વણીગઠ તેમજ સાપુતારા ખાતે સાંદીપની હાઈસ્કુલ, વન કવચ, લોગહટ તેમજ તોરણ હોટલમાં સાપુતારાના વિકાસકીય કામો અંગેની સમિક્ષા બેઠક યોજી હતી. જેમાં સાપુતારાના વિવિધ પ્રશ્નો અંગે ચર્ચા વિચારણા કરવા સાથે, સાપુતારા-માલેગામ ઘાટ માર્ગમાં અકસ્માત નિવારણ માટેના પગલાંની ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. ત્રીજા દિવસે ડાંગ જિલ્લા કલેકટર શ્રી બી.બી.ચૌધરીએ જાહેર હિસાબ સમિતિના તમામ સભ્યોની શુભેચ્છા મુલાકાત લીધી હતી. જે બાદ આ સમિતિએ સાપુતારા સહિત અંબીકા નદી ઉપર આવેલ ગીરાધોધ, વઘઈ બાંમ્બુહાટ, કિલાદ કેમ્પસાઈટ વિગેરેની મુલાકાત લીધી હતી. ડાંગ જિલ્લાની મુલાકાતે પધારેલ જાહેર હિસાબ સમિતિની મુલાકાત વેળાએ ઉત્તર વન વિભાગના નાયબ વન સંરક્ષક શ્રી દિનેશ રબારી તેમજ દક્ષિણના નાયબ વન સંરક્ષક શ્રી રવિપ્રસાદ રાધા ક્રિષ્ણને, જિલ્લાના પ્રવાસન સ્થળો અંગે સુક્ષ્મ જાણકારી આપી પ્રવાસન સ્થળોથી વાકેફ કર્યા હતા. ધારાસભ્ય શ્રી જીતુભાઈ વાઘાણીની આગેવાની હેઠળની સમિતિના સભ્યો ધારાસભ્ય સર્વશ્રી કાંતિ અમૃતિયા, અરવિંદ રાણા, નરેશ પટેલ, પ્રવિણ માળી, વિનેન્દ્ર સિંહ ઝાલા, અમૂલ ભટ્ટ, ડો.હસમુખ પટેલ તેમજ સમિતિના સચિવ શ્રી ચેતન પંડ્યા તથા સમિતિના અધિકારીઓએ આ ત્રણ દિવસ દરમિયાન, જિલ્લાના વિવિધ પ્રવાસન સ્થળોની મુલાકાત લઈ વહિવટી તંત્રનો આભાર વ્યક્ત કર્યો હતો. આ પ્રસંગે ડાંગ જિલ્લા ભાજપ સંગઠન પ્રભારી શ્રી રાજેશભાઈ દેસાઈ, વલસાડ વન વર્તુળના મુખ્ય વન સંરક્ષક શ્રી એસ.મનીશ્વર રાજા, દક્ષિણ વન વિભાગના મદદનીશ વન સંરક્ષક શ્રી સુરેશ મીણા, શ્રીમતી આરતી ડામોર, ઉત્તર વન વિભાગ મદદનીશ વન સંરક્ષક શ્રી કેયુરભાઈ પટેલ સહિત ઉત્તર અને દક્ષિણ વન વિભાગના સર્વે આર.એફ.ઓ,તેમજ વનકર્મીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ભારતે એશિયન ડિઝાસ્ટર પ્રિપેર્ડનેસ સેન્ટર (એડીપીસી) ની અધ્યક્ષતા સંભાળી

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના શાસનમાં ભારત આપત્તિનું જોખમ ઘટાડવા (ડીઆરઆર)ના ક્ષેત્રમાં વૈશ્વિક અને પ્રાદેશિક નેતૃત્વની ભૂમિકા ભજવી રહ્યું છે

ભારતે ડીઆરઆરમાં અનેક વૈશ્વિક પહેલો હાથ ધરી છે, ખાસ કરીને આપત્તિને અનુકૂળ ઇન્ફ્રાસ્ટ્રક્ચર માટે આંતરરાષ્ટ્રીય ગઠબંધન (સીડીઆરઆઈ)ની સ્થાપના

કમલમ્ ન્યુઝ,
પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભારત આપત્તિ જોખમ ઘટાડા (ડીઆરઆર)ના ક્ષેત્રમાં વૈશ્વિક અને પ્રાદેશિક નેતૃત્વની ભૂમિકા ભજવી રહ્યું છે. ભારતે આ દિશામાં અનેક વૈશ્વિક પહેલો હાથ ધરી છે, ખાસ કરીને આપત્તિને અનુકૂળ માળખા માટે આંતરરાષ્ટ્રીય ગઠબંધન (સીડીઆરઆઈ)ની સ્થાપના કરવાની દિશામાં. ભારત સરકારના પ્રતિનિધિ તરીકે, રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ (એનડીએમએ)ના સભ્ય અને એચઓડી, શ્રી રાજેન્દ્ર સિંહે, ગુરુવાર, ૨૫ જુલાઈ ૨૦૨૪ના રોજ થાઈલેન્ડના બેંગકોકમાં વર્ષ ૨૦૨૪-૨૫ માટે પીપલ્સ રિપબ્લિક ઓફ ચાઈના પાસેથી એશિયન ડિઝાસ્ટર પ્રિપેર્ડનેસ સેન્ટર (એડીપીસી)ના અધ્યક્ષનો કાર્યભાર સંભાળ્યો છે.
એ.ડી.પી.સી. એ એશિયા અને પેસિફિક ક્ષેત્રમાં આપત્તિ જોખમ ઘટાડવા અને આબોહવાની સ્થિતિસ્થાપકતાના નિર્માણમાં સહકાર અને અમલીકરણ માટે એક સ્વાયત્ત આંતરરાષ્ટ્રીય સંસ્થા છે. ભારત અને આઠ પડોશી દેશો એટલે કે બાંગ્લાદેશ, કમ્બોડિયા, ચીન, નેપાળ, પાકિસ્તાન, ફિલિપાઈન્સ, શ્રીલંકા અને થાઈલેન્ડ એડીપીસીના સ્થાપક સભ્યો છે. ભારતે ૨૫ જુલાઈ, ૨૦૨૪ના રોજ થાઈલેન્ડના બેંગકોકમાં યોજાયેલી એડીપીસીની ૫ મી બોર્ડ ઓફ ટ્રસ્ટી (બીઓટી) ની બેઠકની અધ્યક્ષતા પણ કરી હતી.

જિલ્લા પ્રભારી મંત્રીશ્રી મુકેશભાઈ પટેલની અધ્યક્ષતામાં વલસાડ જિલ્લાની સમીક્ષા બેઠક યોજાઈ

પ્રજાલક્ષી અગત્યના કામોને અગ્રીમતા આપવા વહીવટી તંત્રને સૂચના આપતા મંત્રીશ્રી

કમલમ્ ન્યુઝ,વલસાડ
વન અને પર્યાવરણ, ક્લાઈમેટ ચેન્જ, જળસંપત્તિ અને પાણીપુરવઠાના રાજ્યકક્ષાના મંત્રી અને વલસાડ જિલ્લાના પ્રભારી મંત્રીશ્રી મુકેશભાઈ પટેલના અધ્યક્ષસ્થાને જિલ્લા પ્રભારી સચિવશ્રી IAS રેમ્યા મોહનની ઉપસ્થિતિમાં જિલ્લામાં થઈ રહેલા વરસાદમાં વહીવટી તંત્રની કામગીરી ઉપરોકત જિલ્લાના અગત્યના પ્રશ્નો તેમજ લોકોપયોગી કામોની સમીક્ષા બેઠક યોજાઈ હતી. બેઠકમાં જિલ્લામાં દરેક તાલુકામાં ચોમાસા દરમિયાન પાણી ભરાવ, રસ્તાઓના ઓવર ટોપિંગ, ડુબાઉ કોઝવે, રસ્તાઓની પરિસ્થિતિ, સ્થળાંતર, બચાવ કામગીરી, રસ્તા રિપેરિંગ અને પેચવર્ક, હાઈવેની પરિસ્થિતિ, આરોગ્યલક્ષી કામગીરી, દરિયા ધોવાણ અંગે પ્રોટેકશન વોલ કામગીરી, વગેરે બાબતોએ વિસ્તૃત ચર્ચાઓ કરવામાં આવી હતી જે સંદર્ભે વહીવટી તંત્ર દ્વારા જરૂરી પગલાંઓ લેવા મંત્રીશ્રી દ્વારા સૂચનો કરવામાં આવ્યા હતા. બેઠકમાં પ્રાંત અધિકારીઓએ દરેક તાલુકામાં વરસાદની સ્થિતિ, વરસાદને કારણે ઓવર ટોપિંગ થતા રસ્તાઓ અને કોઝવે, બંધ રસ્તાઓના વૈકલ્પિક રસ્તાઓ, મધુબન ડેમની હાલની સ્થિતિ અને તબક્કાવાર પાણી છોડવામાં આવે તો જે ગામોને અસર થતી હોય ત્યાં વહીવટી તંત્ર દ્વારા કરવામાં આવેલી પૂર્વ વ્યવસ્થા અંગે માહિતી આપી હતી. અત્યાર સુધીના વરસાદને કારણે જિલ્લામાં કોઈ મોટું નુકશાન થયું નથી. ઔરંગા નદીમાં વરસાદ અને ભરતીને કારણે નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા હતા ત્યારે ૧૫૦ જેટલા લોકોનું સ્થળાંતર કરવામાં આવ્યું હતું. તેમજ પૂરની પૂર્વ જાણકારી માટે ઈ-મેઘ સિસ્ટમ કાર્યરત છે. જેથી સાયરન દ્વારા પૂરની પરિસ્થિતિને પહેલેથી જ પહોંચી વળવા તંત્ર સક્ષમ છે એમ ડિઝાસ્ટર મામલતદારે જણાવ્યું હતું. ધારાસભ્યોએ જિલ્લામાં વરસાદના કારણે ખરાબ થયેલા રસ્તાઓનું રિપેરિંગ અને પેચવર્કનું કામ લોકોને તકલીફ ન પડે તેથી વહેલી તકે કરવા, ધરમપુર અને કપરાડામાં ઓવર ટોપિંગને કારણે કોઝવે બંધ થતા શાળાએ જતા બાળકોને તકલીફ પડતી હોવાથી સમસ્યાનો ઉકેલ લાવવા, ઉમરગામમાં ડેમના પાણી છોડવાને કારણે ૬ ગામોને અસર થાય છે ત્યાં ૯ જેટલા નાળા બાંધકામની, ધરમપુરમાંથી પસાર થતા શામળાજી હાઈવે નં-૫૬ની બિસ્માર પરિસ્થિતિની, વલસાડના દાંડી-દાંતી ખાતે ભરતીને કારણે દરિયા કિનારાના ધોવાણ અટકાવવા અને રહેવાસીઓના ઘરોમાં પાણી ભરાતું અટકાવવા પ્રોટેકશન વોલના બાંધકામની ત્વરિત શરૂઆત કરવા અને હાલ ઘરોમાં પાણી જતા અટકાવવા કામચલાઉ દીવાલ બનાવવાની કામગીરી કરવા બાબતે મંત્રીશ્રીને રજૂઆત કરી હતી. મંત્રીશ્રીએ દરેક રજૂઆતોને સાંભળી વહીવટી તંત્રને અગત્યના પ્રજાલક્ષી કામોને અગ્રીમતા આપવા સૂચના આપી હતી. આરોગ્યલક્ષી કામગીરી માટે આરોગ્ય વિભાગને મોનિટરિંગ કરવા અને ડિઝાસ્ટર વિભાગને કોઈપણ પરિસ્થિતિને પહોંચી વળવા તૈયાર રહેવા સૂચન કર્યું હતું. બેઠકમાં જિલ્લા પંચાયત પ્રમુખ મનહરભાઈ પટેલ, ઉમરગામ, કપરાડા, ધરમપુર અને વલસાડ ધારાસભ્યો સર્વશ્રી રમણલાલ પાટકર, જીતુભાઈ ચૌધરી, અરવિંદભાઈ પટેલ અને ભરતભાઈ પટેલ, કલેક્ટર અનસુયા જહા, જિલ્લા વિકાસ અધિકારી અતિરાગ ચપલોત, પ્રાંત અધિકારીઓ, મામલતદારો, સહિત સંબંધિત વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

કેન્દ્રીય ગૃહ મંત્રી અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહની અધ્યક્ષતામાં એક ઉચ્ચ-સ્તરીય સમિતિએ વિવિધ રાજ્યો માટે આપત્તિ શમન અને ક્ષમતા નિર્માણ પ્રોજેક્ટને મંજૂરી આપી

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના આપત્તિ પ્રતિરોધક ભારતના વિઝનને સાકાર કરવા માટે, દેશમાં આપત્તિઓનું અસરકારક સંચાલન સુનિશ્ચિત કરવા ગૃહ મંત્રી શ્રી અમિત શાહના માર્ગદર્શન હેઠળ અનેક પહેલ કરવામાં આવી છે

હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ, સિક્કિમ અને અરુણાચલ પ્રદેશ માટે રૂ. ૧૫૦ કરોડના GLOF રિસ્ક મિટિગેશન પ્રોજેક્ટ પ્રસ્તાવને પણ ઉચ્ચ સ્તરીય સમિતિએ મંજૂરી આપી

એચએલસીએ ૧૩૦૦ પ્રશિક્ષિત આપ મિત્ર સ્વયંસેવકોને માસ્ટર ટ્રેનર તરીકે અને ૨.૩૭ લાખ સ્વયંસેવકોની તાલીમ માટે ૩૧૫ સૌથી વધુ આપત્તિગ્રસ્ત જિલ્લાઓમાં અમલમાં મુકવા માટે રૂ. ૪૭૦.૫૦ કરોડના ખર્ચે યુવા આપ મિત્ર યોજના (YAMS) ને મંજૂરી આપી છે

સમિતિએ આસામ, કર્ણાટક અને તમિલનાડુ માટે “રાજ્યોમાં ફાયર સર્વિસીસના વિસ્તરણ અને આધુનિકીકરણ” હેઠળ રૂ. ૮૧૦.૬૪ કરોડના ત્રણ પ્રોજેક્ટને પણ મંજૂરી આપી

કમલમ્ ન્યુઝ,
કેન્દ્રીય ગૃહ મંત્રી અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહની અધ્યક્ષતામાં એક ઉચ્ચ સ્તરીય સમિતિએ વિવિધ રાજ્યો માટે અનેક આપત્તિ નિવારણ અને ક્ષમતા નિર્માણ પરિયોજનાઓને મંજૂરી આપી દીધી છે. નાણાં મંત્રી, કૃષિ મંત્રી અને નીતિ આયોગના ઉપાધ્યક્ષને સભ્ય સ્વરૂપે સામેલ એચએલસીની બેઠક આજે નવી દિલ્હીમાં યોજાઈ હતી. ઉચ્ચ-સ્તરીય સમિતિએ છ શહેરોમાં શહેરી પૂરનો સામનો કરવા, ૪ પર્વતીય રાજ્યોમાં ગ્લેશિયલ લેક આઉટબર્સ્ટ ફ્લડ (જીએલઓએફ)નું શમન કરવા અને ૩ રાજ્યોમાં ફાયર સર્વિસીસને મજબૂત કરવા માટે નેશનલ ડિઝાસ્ટર મિટિગેશન ફંડ (એનડીએમએફ) અને નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફંડ (એનડીઆરએફ)માંથી કુલ નવ દરખાસ્તો પર વિચાર કર્યો હતો. સમિતિએ તમામ ૨૮ રાજ્યોમાં યુવા આપદા મિત્ર યોજના લાગુ કરવાના પ્રસ્તાવ પર પણ વિચારણા કરી હતી. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના આપત્તિને અનુકૂળ ભારતનાં વિઝનને સાકાર કરવા ગૃહ મંત્રી શ્રી અમિત શાહનાં માર્ગદર્શન હેઠળ ગૃહ મંત્રાલયે દેશમાં આપત્તિઓનું અસરકારક વ્યવસ્થાપન સુનિશ્ચિત કરવા માટે કેટલીક પહેલો હાથ ધરી છે. ભારતમાં આપત્તિ જોખમ ઘટાડવાની પ્રણાલીને મજબૂત બનાવીને આપત્તિઓ દરમિયાન જાનમાલને વ્યાપક નુકસાન થતું અટકાવવા માટે અનેક પગલાં લેવામાં આવ્યા છે. ઉચ્ચ સ્તરીય સમિતિએ આજની બેઠકમાં તેલંગાણા, ગુજરાત, કર્ણાટક,

HLC એ મુંબઈ, કોલકાતા, બેંગલુરુ, હૈદરાબાદ, અમદાવાદ અને પુણેમાં શહેરી પૂર વ્યવસ્થાપન માટે રૂ. ૨૫૧૪.૩૬ કરોડના છ પ્રોજેક્ટને મંજૂરી આપી

કેન્દ્ર સરકારે ચાલુ નાણાકીય વર્ષ દરમિયાન સ્ટેટ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફંડ (SDRF) હેઠળ ૧૪ રાજ્યોને ૬૩૪૮ કરોડ રૂપિયા અને સ્ટેટ ડિઝાસ્ટર મિટિગેશન ફંડ (SDMF) હેઠળ ૬ રાજ્યોને ૬૭૨ કરોડ રૂપિયા જાહેર કર્યા

પશ્ચિમ બંગાળ અને મહારાષ્ટ્રનાં રાજ્યોમાં છ મહાનગરોમાં શહેરી પૂર વ્યવસ્થાપન માટે રૂ. ૨૫૧૪.૩૬ કરોડનાં કુલ ખર્ચ સાથે છ પ્રોજેક્ટ દરખાસ્તોને મંજૂરી આપી હતી, જેમાં મુંબઈ, કોલકાતા, બેંગાલુરુ, હૈદરાબાદ, અમદાવાદ અને પૂણેનો સમાવેશ થાય છે. અગાઉ, એચએલસીએ ૨૭ મી નવેમ્બર, ૨૦૨૩ ના રોજ, રૂ. ૫૬૧.૨૯ કરોડના ખર્ચે ચેન્નાઈ શહેરમાં તમિલનાડુ રાજ્ય માટે પૂર વ્યવસ્થાપન માટે સંકલિત ઉકેલો માટેના પ્રોજેક્ટ દરખાસ્તને મંજૂરી આપી હતી. એચએલસીએ આસામ, કર્ણાટક અને તમિલનાડુ માટે "રાજ્યોમાં ફાયર સર્વિસીસના વિસ્તરણ અને આધુનિકીકરણ" માટેની યોજના હેઠળ ત્રણ પ્રોજેક્ટ દરખાસ્તોને પણ મંજૂરી આપી હતી, જેમાં કુલ રૂ. ૮૧૦.૬૪ કરોડનો ખર્ચ થશે. કેન્દ્ર સરકારે આ યોજના માટે નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફંડ(એનડીઆરએફ) હેઠળ કુલ રૂ. ૫૦૦૦ કરોડની રકમ ફાળવી છે અને રૂ. ૧૬૯૧.૪૩ કરોડના કુલ ખર્ચ સાથે ૧૧ રાજ્યોની દરખાસ્તોને મંજૂરી આપી દીધી છે. આ ઉપરાંત ઉચ્ચસ્તરીય સમિતિએ હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ, સિક્કિમ અને અરુણાચલ પ્રદેશ રાજ્યો માટે જીએલઓએફ જોખમ ઘટાડવા માટેના પ્રોજેક્ટની દરખાસ્તને પણ મંજૂરી આપી હતી, જેનો કુલ ખર્ચ રૂ. ૧૫૦ કરોડ છે. જીએલઓએફ રિસ્ક મિટિગેશન પ્રોજેક્ટ આ ચાર રાજ્યોને જીએલઓએફ જોખમોને પહોંચી વળવા જરૂરી શમન પગલાં લેવામાં જરૂરી પ્રોત્સાહન પ્રદાન કરશે. એચએલસીએ એનડીઆરએફ પાસેથી રૂ. ૪૭૦.૫૦ કરોડનાં ખર્ચે યુવા આપદા મિત્ર યોજના (યમએસ)ની દરખાસ્તને પણ મંજૂરી આપી હતી, જેનો અમલ દેશનાં ૩૧૫ સૌથી વધુ આપત્તિગ્રસ્ત જિલ્લાઓમાં ૧૩૦૦ પ્રશિક્ષિત આપદા મિત્ર સ્વયંસેવકોને માસ્ટર ટ્રેનર્સ તરીકે તથા એનસીસી, એનએસએસ, એનવાયકેએસ અને બીએસએન્ડજી (ભારત સ્કાઉટ્સ એન્ડ ગાઈડ્સ)નાં ૨.૩૭ લાખ સ્વયંસેવકોને આપત્તિની સજ્જતા અને પ્રતિક્રિયામાં તાલીમ આપવા માટે થશે. આ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના કોઈ પણ આપત્તિ દરમિયાન પ્રથમ પ્રતિભાવ આપનાર તરીકે સમુદાયને તૈયાર કરવાના વિઝનને અનુરૂપ છે. અગાઉ, સરકારે "આપદા મિત્ર" યોજના અમલમાં મૂકી છે, જે અંતર્ગત દેશના ૩૫૦ સૌથી વધુ આપત્તિગ્રસ્ત જિલ્લાઓમાં આશરે ૧ લાખ સામુદાયિક સ્વયંસેવકોને આપત્તિના નિવારણ માટે તાલીમ આપવામાં આવી છે. આ કુશળ અને પ્રશિક્ષિત 'અપડા મિત્રા' અને 'અપદા સખીઓ' કોઈપણ આપત્તિનો સામનો કરવામાં સ્થાનિક વહીવટીતંત્રને મદદ કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહ્યા છે. ચાલુ નાણાકીય વર્ષ દરમિયાન કેન્દ્ર સરકારે સ્ટેટ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફંડ (એસડીઆરએફ) હેઠળ ૧૪ રાજ્યોને રૂ. ૬૩૪૮ કરોડ અને સ્ટેટ ડિઝાસ્ટર મિટિગેશન ફંડ (એસડીએમએફ) હેઠળ ૦૬ રાજ્યોને રૂ. ૬૭૨ કરોડ આપ્યાં છે. આ ઉપરાંત નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફંડ (એનડીઆરએફ) હેઠળ ૧૦ રાજ્યોને ૪૨૬૫ કરોડ રૂપિયાની રકમ આપવામાં આવી છે.

• Printer/Publisher/Owner & Editor : Mahesh N. Patel. • Printed At :-Captial Offset 801/1, G.i.d.c.,Sector-28 Gandhinagar, Gujarat- 382028 • Published - At A-3, Plot No R-13, Tanishq Complex, New Greencity, Sector -26, Gandhinagar (Gujarat) 382028